મયારામજી વિપ્રને રે કે, પુછ્યું પ્રેમ ભરી ।
યાત્રાનું મુહૂર્ત રે કે, જો જો શોધ કરી ॥૨॥
આ અમારા સગા સઉ રે કે, જાશે દ્વારામતી ।
એનું મુહૂર્ત જોતાં રે કે, ફેર ન રાખો રતી ॥૩॥
તેતો વિપ્ર વિવેકી રે કે, સ્વામીનો શિષ્ય ખરો ।
ખરચે ખરચાવે રે કે, સૌને ધર્મ વરો ॥૪॥
દ્વિજ ધર્મધુરંધર રે કે, સત્યથી નવ ડોલે ।
શિર જાય તો મુખથી રે કે, જુઠું નવ બોલે ॥૫॥
એવા વિપ્રને પ્રેર્યો રે કે, સદ્‌ગુરુ સુખકારી ।
મુક્તાનંદ કે' તે દ્વિજ રે કે, મગન થયો ભારી ॥૬॥

પદ ॥૧૯॥

વૃદ્ધ વિપ્ર વિવેકી રે કે, સદ્‌ગુરુ વચન ગ્રહી ।
મોટી પાઘડીમાંથી રે કે, ટીપણું હાથ લહી ॥૧॥
જોષી મુહુર્ત જોયું રે કે, યાત્રા યોગ્ય ઘણું ।
જોયું ચંદ્રતણું ફલ રે કે, ફેર ન રાખ્યો અણું ॥૨॥
પછી સ્વામીને સનમુખ રે કે, તે દ્વિજ વાત કહી ।
પ્રભુ નવમીનું મુહૂર્ત રે કે, શોધીને કીધું સહી ॥૩॥

૧. - ભાથુ રસ્તામાં જમવા માટેનુ ભોજન

પછી સ્વામીએ પ્રેર્યા રે કે, દ્વારિકાં જાઓ તમે ।
અજવાળી નવમીનું રે કે, મુહૂરત જોયું અમે ॥૪॥
પછી કોસલવાસી રે કે, ગુરુને પ્રણામ કરી ।
ચાલ્યા મુનિવર સંગે રે કે, ભજતા કૃષ્ણ હરી ॥૫॥
સૌ દ્વારકાંનાથનું રે કે, ચાલતાં ભજન કરે ।
મુક્તાનંદ કે' તેમ તેમ રે કે, વેગે પગલાં ભરે ॥૬॥

પદ ॥૨૦॥

મુનિસોત તે બ્રાહ્મણ રે કે, ચોંપેથી ચાલે ઘણું ।
ઈચ્છે દર્શન વે'લું રે, દ્વારિકાંનાથ તણું ॥૧॥
મહા વદ્ય પડવામાં રે કે, ગોમતી તીર ગયા ।
દેખી મૂળ દ્વારકાં રે કે, મન ઘણું મગન થયા ॥૨॥
આવ્યા ગુગળી[1] બ્રાહ્મણ રે કે, ધાઈને તે ટાણે ।
પરધન હરવાની રે કે, જુક્તિયો બહુ જાણે ॥૩॥
તેણે ગોમતીજીમાં રે કે, નાહ્યાની ના પાડી ।
રંક યાત્રિને રોકી રે કે, ધન લુંટે દાડી ॥૪॥
ધન આપશો ત્યારે રે કે, ગોમતી સ્નાન થશે ।
નહી તો લાંઘણ[2] કરી કરી રે કે, સૌના પ્રાણ જશે ॥૫॥
ત્યાંના વિપ્રની વાણી રે કે, સાંભળી ભયકારી ।
મુક્તાનંદ કે' કોશલ રે કે, દ્વિજ ધડક્યા ભારી ॥૬॥

પદ ॥૨૧॥ (રાગ ગરબી)

('સાંભળ વાત કહુ એક છાની' એ ઢાળ છે)

કોસલ વાસીએ લીધું વિચારી, ધન આપ્યા વિના થાશે ખુવારી ॥૧॥
જે માગ્યું તે તરત ધન આપ્યું, ગૃહી વિપ્રે કર બંધન કાપ્યું ॥૨॥
નંદરામ આદિક શુભ રીતે, ગોમતીસ્નાન કર્યું અતિ પ્રીતે ॥૩॥
ત્યાગીને તીરથમાં સહુ જાણે, આડ્ય અટક નહી કોય ઠેકાણે ॥૪॥
પુછ્યા વિના નાહ્યા ગોમતી વારી, સચ્ચિદાનંદ મુનિ મેલ્યા વિસારી ॥૫॥
મુક્તાનંદ કહે મુનિવર જ્ઞાની, એકલા રહી ગયા દૃઢમતિ ધ્યાની ॥૬॥

૧. પંડા ૨. ઉપવાસ

પદ ॥૨૨॥

મંદમંદ ગતિ ચાલતા સ્વામી, ગોમતી તીર ગયા નિષ્કામી ॥૧॥
કૃષ્ણનાં ક્રીડા સ્થાનને જોઈ, મુનિ હરિરૂપ રહ્યા મન મોઈ ॥૨॥
હરિમૂર્તિ મુનિવર ઉર ધારી, પુલકિત તન લોચન વહે વારી ॥૩॥
આતમનિષ્ઠ અધિક મુનિ ત્યાગી, જોગીરાજ પ્રભુપદ અનુરાગી ॥૪॥
દેહભાગ અંતરથી વિસારી, ગજની પેઠ્યે આવ્યા અવિકારી ॥૫॥
આતમારામ અકિંચન ધ્યાની, મુક્તાનંદ કહે મુનિ વિજ્ઞાની ॥૬॥

પદ ॥૨૩॥

એવા અકિંચન મુનિ નિરમોઈ, ગુગલી સર્વ રહ્યા તેને જોઈ ॥૧॥
પિંડ ધરે ભૂમિ પર જ્યારે, કાગડા વીંટિ વળે બહુ ત્યારે ॥૨॥
તેમ મુનિને વિટ્યા દ્વિજ ધાઈ, ધન અર્થી નહિ બીજી સગાઈ ॥૩॥
બાલક વૃદ્ધ જુવાન ત્યાં આવી, વળગી પડ્યા યજમાન બનાવી ॥૪॥
ચારે કોરથી લુગડાં તાણે, મુનિવર મનમાં રોષ ન આણે ॥૫॥
મુક્તાનંદ કહે મુનિવર જ્ઞાની, ગુગળિયે ગળ્યા જડ અભિમાની ॥૬॥

પદ ॥૨૪॥

ગુગળી વિપ્રને લેશ ન જ્ઞાન, મુનિવરને ગણ્યા કપટિ સમાન ॥૧॥
કોઈ કહે આતો ઉન્મત્ત ભારી, કોઈ કહે આતો કેંફનો આરી[1] ॥૨॥
કોઈ કહે ઠગ ધુતવા આવ્યો, ઉપર સાધુનો વેશ બનાવ્યો ॥૩॥
એવાં વચન કહિ પાછા ધકેલિ, ગોમતીમાં ગયા સંતને મેલી ॥૪॥
અવધપુરિવાસી જિહાં નાયા, ધન સારું તિહાં ગુગલી ધાયા ॥૫॥
મુક્તાનંદ કહે ધનસું સગાઈ, જોરે આયે તુલસી દલ ધાઈ ॥૬॥

પદ ॥૨૫॥ (રાગ ગરબી)

("ઓરા આવોરે અલબેલા' એ ઢાળ છે)

ચાલવે સમર્થ નહિ મુનિ જ્ઞાની, મારગમાં બેઠા દૃઢ ધ્યાની ॥૧॥
ત્રણે અવસ્થાથી પર જૈને, બેઠા સમાધિમાં સ્થિર થૈને ॥૨॥
બ્રહ્મસ્વરૂપમાં વાસ કરીને, મુનિ બેઠા હરિ ધ્યાન ધરીને ॥૩॥
કોશલવિપ્ર શ્રીગોમતી નાઈ, વિપ્રને દાન દઈ સુખદાઈ ॥૪॥
વેગે સંત સમીપ તે આવ્યા, ધ્યાની મુનિ દ્વિજને મન ભાવ્યા ॥૫॥
મુક્તાનંદ કહે મુનિને જોઈ, દેખી સમાધિ રહ્યા મન મોઈ ॥૬॥

૧. - આદી

પદ ॥૨૬॥

સંતની જોઇ સમાધિ ભારી, કૌશલ વિપ્ર રહ્યા છે વિચારી ॥૧॥
મારગમાંથી ઉપાડી લઈને, મુક્યા અન્ય ઠેકાણે જૈને ॥૨॥
પછી બોલ્યા ગોપાળ પ્રમાણી, સુંણો નંદરામજી મારી વાણી ॥૩॥
આપણે શું કરવું હવે ભાઈ, જે કરે સૌની થાય ભલાઈ ॥૪॥
મનછારામજી મનમાં તપાસી, બોલ્યા ઉર ધરી શ્રીઅવિનાશી ॥૫॥
મુક્તાનંદનો શ્યામ સંભારી, કહીશ હું વારતા અતિ સુખકારી ॥૬॥

પદ ॥૨૭॥

સંતને કેમ કરી સંગ લેવાશે, મુકી ગયે મહા અધર્મ થાશે ॥૧॥
તે માટે આપણે રહીએ આંહી, મુનિ તજી જાવું ઘટે નહિ કયાંહિ ॥૨॥
તે પ્રત્યે બોલ્યા ગોપાલજી વાણી, સંતની રીત સરવ મેં જાણી ॥૩॥
એ મુનિવરની સમાધી ભારી, ઉતરે નહિ કોયની ઉતારી ॥૪॥
ક્યારેક ત્રણ દિવસ સ્થિતિ થાય, ક્યારેક પાંચ દિવસ વહી જાય ॥૫॥
મુક્તાનંદ કે' કૈયે દશ દહાડે, મુનિવર ઉઠી નયણ ઉઘાડે ॥૬॥

પદ ॥૨૮॥

વળી બોલ્યા ગોપાળ વિચારી, મુનિ સચ્ચિદાનંદની સ્થિતિભારી ॥૧॥
પંદર દિવસ પણ થાય સમાધિ, ભજનમાં ભાસે નહિ તનવ્યાધિ ॥૨॥
દીર્ઘ સમાધિ એહની જાણું, દિવસના નિયમનું નહિ ઠેકાણું ॥૩॥
એમ સુણી નંદરામ કહે ભાઈ, જાત્રા કીજે ઉતાવળા ધાઈ ॥૪॥
આઠ કે નવ દિવસને વાંસે, પાછા આવશું મુનિવર પાસે ॥૫॥
તીરથમાં નહિ સંતની ચિંતા, મુક્તાનંદ કહે દ્વિજ બુદ્ધિવંતા ॥૬॥

પદ ॥૨૯॥ (રાગ ગરબી)

('રંગીલા રંગડાને ચટકે રે' એ ઢાળ છે)

તીરથમાં પરમાર્થ જાણીરે, વળી નંદરામ કહે વાણીરે ॥૧॥
તીરથમાં સંત રહે સુખિયારે, ન થાય કોઇ કાળે દુખિયારે ॥૨॥
તીરથમાં ત્યાગી બહુ આવેરે, ભજન કરે નિર્ગુણ નિરદાવેરે[1] ॥૩॥
તીરથ એ ઘર ત્યાગી કેરુરે, કહ્યું છે મુનિવર ઘણેરુરે ॥૪॥

૧ નિરદાવે રે - અર્થ સ્પષ્ટ નથી

એવાં એનાં વચન સુણિ કાનેરે, સાચાં ગળ્યાં મતિને અનુમાનેરે ॥૫॥
મુક્તાનંદ તે દિન ત્યાં રહીનેરે, પ્રભાતે ચાલ્યા સજજ થઈનેરે ॥૬॥

પદ ॥૩૦॥

આરંભડે જૈ પૈસા દૈનેરે, તરત ચાલ્યા છાપો લૈનેરે ॥૧॥
નાવે ચઢી ખાડી પાર થયારે, પછી દ્વિજ શંખોદ્ધાર ગયારે ॥૨॥
પુરી તે પ્રભુને ઘણી પ્યારીરે, જોઈ દ્વિજ મગન થયા ભારીરે ॥૩॥
તીરથનો કર સર્વ આલીરે, ગયા દ્વિજ હરિમંદિર ચાલીરે ॥૪॥
નયણાં ભરી નિરખ્યા બહુનામીરે, છોગાળો દ્વારામતી સ્વામીરે ॥૫॥
કહે મુક્તાનંદ અઘહારીરે, મોહનમુખ નિરખ્યું સુખકારીરે ॥૬॥

પદ ॥૩૧॥

પ્રેમે કરિ પૂજન કીધુંરે, પ્રસાદી ચરણામૃત લીધુંરે ॥૧॥
યથાશક્તિ સર્વ વિધિ કિધોરે, તીરથમાં લાવ ઘણો લિધોરે ॥૨॥
બ્રાહ્મણને મોદક જમાડીરે, કરે દ્વિજ હરિદર્શન દાડીરે ॥૩॥
વિવેકી સંત સર્વ લાવીરે, જમાડે પ્રેમે પધરાવીરે ॥૪॥
પુરીમાં પાંચ દિવસ રહીનેરે, વળ્યા પાછા તતપર થઈનેરે ॥૫॥
અહોનિશ મુનિને સંભારેરે, અર્ધ ક્ષણ કોઈ ન વિસારે રે ॥૬॥
કહે મુક્તાનંદ મુનિ સારુરે, આવ્યા દ્વિજ વેગે જેમ વારુ[1] રે ॥૭॥

પદ ॥૩૨॥

વેગે દ્વિજ ગોમતીમાં જઈનેરે, ખોળ્યા મહામુનિને ચિત્ત દઈનેરે ॥૧॥
ન દીઠા ક્યાંઈ મુનિ જ્યારેરે, નાહ્યા ફરી ગોમતીમાં ત્યારેરે ॥૨॥
આવ્યા તજી ખોળ્યાની આશારે, મુકે દ્વિજ દુઃખિયા નિઃશ્વાસારે ॥૩॥
જે દિ દ્વિજ શંખોદ્ધાર ગયારે, તે દિ મુનિ જાગી ત્યાર થયારે ॥૪॥
જાણ્યું દ્વિજ ગયા અંકિત થાવા રે, ચાલ્યા મુનિ ગોમતીજી ના'વારે ॥૫॥
કહે મુક્તાનંદ મુનિ ત્યાગીરે, નાહ્યાની આજ્ઞા જઈ માગીરે ॥૬॥

પદ ॥૩૩॥ (રાગ ગરબી)

('સાંભળ્ય સજનીરે લાલતણી કહુ લીલા' એ ઢાળ છે -)

તીરથ કાંઠેરે, ધનલોભી દ્વિજ ભારી। હસી હસી બોલ્યારે, સંતનું વેણ સંભારી ॥૧॥
ગોમતી ના'વારે, સંતનો વેશ બનાવ્યો। શું મુખ લૈને રે, આજ્ઞા લેવા આવ્યો ॥૨॥

૧. - વાયરા માફક

ધન જ્યારે આપીશરે, ત્યારે આજ્ઞા જડસે। નહીતો તુંજ પરરે, લાકડિયો, બહુ પડશે ॥૩॥
દ્વિજ આદિ મળીરે, તિરસ્કાર બહુ કીધા। ગોમતી ગંગારે, ના'વા પણ નવ દીધા ॥૪॥
ધન નારીનેરે, નથી અડતો એમ જાણી। શિષ્ય સ્વામીનોરે, પાખંડી પરમાણી ॥૫॥
કહે મુક્તાનંદરે, મુનિને સૌ સંતાપે । ઈર્ષ્યા રાખીરે, અન્ન પણ કોઈ ન આપે ॥૬॥

પદ ॥૩૪॥

એમ અનાદરરે, પુરવાસીનો જાણી। મુનિ ધરી ધીરજરે, સમરે શારંગપાણી ॥૧॥
સહજ સ્વભાવેરે, નિજ તનશું નહિ પ્રીતિ। મન ધરી હરિમાંરે, ષટ ઉર્મીને[1] જીતિ ॥૨॥
માટે મુનિવરરે, અન્ન કોઇ પાસ ન માગે। દિનદિન અધિકા રે, હરિચરણે અનુરાગે ॥૩॥
ત્રણ દિવસ લગીરે, મુનિવર અન્ન જળ ત્યાગી। ગોમતી તીરેરે, ભજન કરે બડભાગી ॥૪॥
તોપણ નિર્દયરે, નાહ્યાની ના પાડી । કઠણ વચન કહીરે, સંતાપે ઘણું દાડી ॥૫॥
કહે મુક્તાનંદરે, સાંભળી સૌની વાણી । નહિ દીયે ના'વારે, લીધિ વાત પ્રમાણી ॥૬॥

પદ ॥૩૫॥

ત્યાં થકી ચાલ્યારે, હરિઇચ્છા એમ જાણી। હસિયા દુરિજનરે, અમરષ[2] મનમાં આણી ॥૧॥
ક્રોધ તજીનેરે, ભુખ તરષ પણ જીતિ। ગયા આરંભડેરે, ચોથો દિન ગયો વીતિ ॥૨॥
આરંભડામાંરે, છાપને લેવા સારુ । ભુખ્યા નિરધનરે, કલપે લોક હજારુ ॥૩॥
લાંઘણ ચોરેરે, રુદન કરે નરનારી। ભૂપર લોટેરે, ત્રાહિ ગોવિન્દ પોકારી ॥૪॥
જમપુર જેવુંરે, આરંભડાને જોઈ। તે સત્ય માન્યુંરે, કે'તાં લોક વગોઈ ॥૫॥
કહે મુક્તાનંદરે, આરંભડાનાં વાસી । જમના જેવું રે, બોલે રુપ પ્રકાસી ॥૬॥

પદ ॥૩૬॥

લાંઘણ ચોરેરે, કોઈ બે લાંઘણવાળા। કોઈ ત્રણ લાંઘણરે, કરીને થૈ ગયા કાળા ॥૧॥
પાંચ ને છે છોરે, દિનના કોઈ ઉપવાસી। મરવા જેવા રે, થૈ સમરે અવિનાશી ॥૨॥
વૃદ્ધ ને બાળક રે, ભુખે ચીસો પાડે। પડયાં સરખાં રે, સૌને પેટ દેખાડે ॥૩॥
મુખ ભુખડિયેરે, મડદા સરખાં ભાસે। જીવન જેવુંરે, લાગે શ્વાસ ઉછવાસે ॥૪॥
પેટ ભુખડિયેરે, વળગ્યાં વાંસે જૈને, અબળાઓ એવીરે, કલપે દુઃખણી થૈને ॥૫॥
કહે મુક્તાનંદરે, ત્યાંના લોક હરામી । દુઃખિયા દેખીરે, કરે અપકીર્તિ સામી ॥૬॥

૧ - કામ, ક્રોધ આદિ છ વિકાર, ૨ - અમર્ષ - ગુસ્સો

પદ ॥૩૭॥ (રાગ ગરબી)

('વાલા રમઝમ કરતા કાન, મારે ઘેર આવોરે' એ ઢાળ છે)

મારગડે વનમાં ચોર, ધન હરી લીધું રે ।
ભુખે ધ્રુજે થરથર દેહ, જળ નથી પીધું રે ॥૧॥
એવા વિપ્રને સાધુ અનેક, પૈસા સારુરે ।
પીડે છાપુના દેનાર, રંક હજારુરે ॥૨॥
એવું દેખીને દારુણ પાપ, મન દુખાણારે ।
સાધુ સહી ન શકે પરતાપ, અતિ અકળાણારે ॥૩॥
ભુખે મરીને સુકાણા કંઠ, લાંબી વાણીરે ।
કર જોડીને સમ બહુ ખાય, સ્વારથ જાણીરે ॥૪॥
તેને છાપોના દેનાર, નિરધન ભાળીરે ।
કરે રાંક ઉપર બહુ રીસ, આપે છે ગાળીરે ॥૫॥
તેવાં ગામનાં લોક ગમાર, અવળું બોલેરે ।
મુક્તાનંદ માણસ સર્વ, ત્યાં જમ તોલેરે[1] ॥૬॥

પદ ॥૩૮॥

મુનિ આરંભડાનાં લોક, નિરદય જોઈરે ।
જેમાં દાન દયાનું વેણ, ન બોલે કોઈરે ॥૧॥
કોઈ સાધુ નિરધન રંક, મરવા જેવારે ।
બળે જઠરાગ્નિમાં અંગ, નહિ ધન દેવારે ॥૨॥
એવું જાણી ધખાવી છાપ, કાષ્ઠ અંગારેરે ।
દાંત ભીંસીને દાબે છાપ, રીસને મારેરે ॥૩॥
મુનિ સહજ સ્વભાવે દયાલ, દયા ઘણી મનમાંરે ।
દેખી રાંક ઉપર અતિ રોષ, કંપ્યા તનમાંરે ॥૪॥
મુનિ છાપ દેનારા પાસ, ચાલીને આવ્યારે ।
તેને માન દઈ મુનિરાજ, હસી બોલાવ્યારે ॥૫॥
તમે કૃષ્ણના ભક્ત કૃપાલ, કરુણા કીજેરે ।
મુક્તાનંદ મુનિ કહી વાત, છાપો દીજેરે ॥૬॥

---

૧ - સમાન

INDEX

પદ ॥૩૯॥

તેતો સાંભળી સંતની વાત, હસિયા ભારીરે ।
તેમાં બોલ્યા ખલેશ્વર[૧] એક, અતિ અહંકારીરે ॥૧॥
આતો બળધિયા સરખો એક, આંકો તો સારુરે ।
છુટો ચરસે તજી મરજાદ, ધર્મ તમારુરે ॥૨॥
અન્ય બોલ્યો ધુતારા અપાર, આવે છે ક્યાંથી રે ।
આવા જ્યાંથકી ધારે ભેખ, ધુતે ત્યાંથીરે ॥૩॥
કોઇ બોલિયો પાધરી વાત, દ્રવ્યને આપીરે ।
સાધુ છાપ લિયો તતકાળ, બંધન કાપીરે ॥૪॥
તે શું બોલિયા સંત વચન, સત્ય કહી દાખુંરે ।
અમે ધન નારીનો સંગ, લેશ ન રાખુંરે ॥૫॥
તેણે મહા મુનિવરની વાત, સત્ય ન જાણીરે ।
મુક્તાનંદ કહે મતિમંદ, બોલિયો વાણીરે ॥૬॥

પદ ॥૪૦॥

બોલ્યો ચારણ કરી ચતુરાઇ, કંથા તારીરે ।
તેમાં રુપિયા છે જરુર, લિધું વિચારીરે ॥૧॥
ત્યારે સચ્ચિદાનંદ સુજાણ, કંથા આપીરે ।
ખોળી હાર્યા તે ચારણ સોય, જન પરિતાપી[૨]રે ॥૨॥
જ્યારે ધનનો ન દીઠો લેશ, દુર ફગાવીરે ।
તેતો કંથા સંત સુજાણ, લીધિ આવીરે ॥૩॥
ત્યારે બોલિયો ચારણ કોય, લજજા ટાળીરે ।
એને ધન છે કોપીનમાંય, લેશું સંભાળીરે ॥૪॥
ધન રાખે કૌપીનમાં સંત, સીવિ કરીનેરે ।
કાંતો રાખે જટામધ્ય દામ, જુક્તે ધરીનેરે ॥૫॥
એમ ધન હરવા ચતુરાઇ, ચારણે કીધિરે ।
મુક્તાનંદ કે' મુનિ વાત, સાંભળી લીધિરે ॥૬॥

૧ - લુચ્ચાનો સરદાર, ૨ - ખૂબ દુઃ આપનાર

પદ ॥૪૧॥ (રાગ ગરબી)

('સખિ ધન્ય ધન્ય વ્રજનો વાસ, ધન્ય નંદરાણી રે' એ ઢાળ છે)

વળી બોલિયો ચારણ સોય, અતિ ઉલ્લાસેરે ।
મેં કાલ્ય કઢાવ્યું દ્રવ્ય, સંતની પાસેરે ॥૧॥
મેં કાલ્ય જોઈ કૌપિન, સંતની જ્યારેરે ।
મળ્યા રોકડા રૂપિયા ચાર, મુજને ત્યારેરે ॥૨॥
એમ કહીને ચારણ સોય, નિર્લજજ વાણીરે ।
પછી કાઢવા માંડી કૌપીન, અન્ય સમ જાણીરે ॥૩॥
ત્યારે બોલિયા મુનિવર ધીર, હરિ ઉર ધારીરે ।
તમે લ્યો છો સૌની લાજ, એ અઘ ભારીરે ॥૪॥
તમે સંત અસંત વિવેક, લેશ ન જાણોરે ।
તમે ધન ધુત્યાને કાજ, અવળું તાણોરે ॥૫॥
અમે સ્વામિનારાયણના સંત, સત્ય કહી દાખુંરે ।
મુક્તાનંદ કહી મુનિ વાત, દામ ન રાખુંરે ॥૬॥

પદ ॥૪૨॥

તેણે સ્વામિનારાયણ નામ, સાંભળ્યું જ્યારેરે ।
ક્રોધે કરી રાતાં નેણ, બોલ્યો ત્યારેરે ॥૧॥
તારા ગુરુ પાસે છે રોક[1], રુપિયા લાખુંરે ।
તને મફત મળે નહિ છાપ, સત્ય કહિ દાખુંરે ॥૨॥
ગુરુ પાસે જૈ ધન લાવ્ય, તો મળે છાપુંરે ।
વણ લીધે પુરા દામ, છાપ ન આપુંરે ॥૩॥
જા જા તું આંહિથી દૂર, એમ કહી દીધુંરે ।
તે મુનિવરનું અપમાન, અતિશે કીધુંરે ॥૪॥
પછી લાંઘણ ચોરામાંઇ, મુનિવર આવ્યારે ।
તિયાં છાયાનો નહિ લેશ, તાપે તપાવ્યારે ॥૫॥
એતો આજ કે કાલ્ય જરુર, પુછી જોશેરે ।
મુક્તાનંદ કે' મુનિરાય, બેઠા ભરોંશેરે ॥૬॥

૧ - રોકડા

પદ ॥૪૩॥

તે લાંઘણ ચોરે શોક, વરતે ભારીરે ।
કરે ભુખ્યા આરત નાદ, અતિ પોકારીરે ॥૧॥
અતિ નિર્દય ગામ કઠોર, મુનિવર જોઈરે ।
આવું નિર્દય નરકપ્રજંત[૧], ગામ ન કોઈરે ॥૨॥
જમપુરમાં પાપી જીવને, બહુ મારેરે ।
આતો પુણ્યવાનના પ્રાણ, લેવા ધારેરે ॥૩॥
કરે ધનવાળાશું હેત, છાપું આપેરે ।
બાંધે નિર્ધન સાથે વેર, બહુ સંતાપેરે ॥૪॥
એમ જોતાં કૌતક એક, ઉપજ્યું આવીરે ।
તિયાં આવ્યો ખાખી એક, રાખ લગાવીરે ॥૫॥
માથે ભુરી જટાનો ભાર, લોચન રાતાંરે ।
મુક્તાનંદ કે'ડરપે બાળ, પાસે જાતાંરે ॥૬॥

પદ ॥૪૪॥

ખાખીને ભાંગ્યનો કેફ, તનમાં ભાસેરે ।
લાંબો લોહતણો વિકરાળ, ચીપિયો પાસેરે ।
અંજનગિરિ સરખા અંગ, રાખ લગાવીરે ।
તે ચાલે છાતીને જોર, ભય ઉપજાવીરે ॥૨॥
એતો કાઢે ઘર ઘર કંઠ, સિદ્ધને તોલેરે ।
જય દ્વારિકાંનાથ એ બોલ, મુખથી બોલેરે ॥૩॥
તેણે લોહજંજિર[૨] લપેટ, કમરે કીધોરે ।
તેમાં મુંજતણો લંગોટ, પે'રી લીધોરે ॥૪॥
તે વાંકી નજરે જોઈ, બાલ ડરાવેરે ।
મુખ દાઢી મુંછ મદેલ[૩], ધમક્યો આવેરે ॥૫॥
એમ આવી ઉતાવળો પાસ, છાપું માગીરે ।
મુક્તાનંદ કહે મસ્તાન, તે વૈરાગીરે ॥૬॥

૧. નરક સમાન ૨. લોઢાની સાંકળ ૩. મદ ભર્યો

પદ ॥૪૫॥ (રાગ ગરબી)

('અલબેલાજી પ્રાણ આધારરે, તમપર વારિ રે' એ ઢાળ છે)

એમ નિરભે બોલ્યો બોલરે, ખાખી બાવોરે ।
મને આ ઘડીયે તતકાલરે, છાપ લગાવોરે ॥૧॥
તેને રાજપુરુષ કહી વાતરે, છેટે રહેજેરે ।
વે'લી છાપ દીધાની વાતરે, મુખથી મ કહેજેરે ॥૨॥
એમ રાજપુરુષ બહુ વારરે, જાજા કિધોરે ।
તોય બાવલિયો જોરાણ[૧] રે, માગ ન દિધોરે ॥૩॥
મંડ્યો છાપ લેનારા મધ્યરે, આવીને બાવોરે ।
પછી બોલ્યો ચારણ બોલરે, પાછો ધકાવો[૨]રે ॥૪॥
પછી રાજપુરુષ કરી રીસરે, પકડ્યો આવીરે ।
તેને બહુ મળી બળિયો તોયરે, હાર્ય મનાવીરે ॥૫॥
લીધો અતિ ઉતાવળો દૂરરે, ગડદે[૩] મારીરે ।
મુક્તાનંદ કોંણિ પ્રહારરે, કિધો ભારીરે ॥૬॥

પદ ॥૪૬॥

હતો બળિયો પણ બહુ સંગરે, જોર ન ફાવ્યુંરે ।
કીધું સિદ્ધપણે જે જોરરે, કામ ન આવ્યુંરે ॥૧॥
પછી સર્વ સીપાયો સંગરે, બોલ્યો વાણીરે ।
અમે અતિશે ત્યાગી સંતરે, લેજ્યો પિછાણીરે ॥૨॥
હુંતો આવેલ છાપું કાજરે, કાઢી કાં મેલોરે ।
મને જાણીને દુર્બલ સંતરે, સીદ ધક્કેલોરે ॥૩॥
પછી બોલ્યા સર્વે સીપાઈરે, જો ધન દેશોરે ।
તો આ ઘડિયે તમે છાપરે, સૌ મધ્ય લેશોરે ॥૪॥
પછી બોલિયો ખાખી બોલરે, ધન શીયું[૪] મારેરે ।
હુંતો ત્યાગી ધનનો સંગરે, ન કરું લગારેરે ॥૫॥
એને અંતર કપટ અપારરે, ઉપર્ય ત્યાગીરે ।
મુક્તાનંદ કહે ધનમાંયરે, મન અનુરાગીરે ॥૬॥

૧ - બળવાન બાવો, ૨ - ધક્કેલો, ૩ - મુક્કા મારીને, ૪ - ક્યાંથી ?

પદ ॥૪૭॥

વળી બોલિયો ખાખી સંતરે, ધન નવ રાખુંરે ।
હુંતો જન્મ ધરી કોય કાળરે, જુઠ ન ભાખુંરે ॥૧॥
મેતો લોહની સાંકળ એકરે, બાંધીને રાખીરે ।
બીજું ધન દોલત સુખ સાજરે, દીધું છે નાંખીરે ॥૨॥
એક લોહનો ચીપિયો હાથરે, રાખ્યો છે ધારીરે ।
બીજા ધન માતરનો સંગરે, નાંખ્યો નિવારીરે ॥૩॥
એમ કે'તાં ચારણ એકરે, પાસે આવ્યોરે ।
તેણે ખેંચી જટાનો જૂટરે, હળવે હલાવ્યોરે ॥૪॥
પડી એક સોનાની મોરરે, ભોંપર આવીરે ।
પછી આવી વળ્યા અનેકરે, નાંખ્યો ફગાવીરે ॥૫॥
બધા ચારણ આદિ સીપાઈરે, પકડી પછાડેરે ।
મુક્તાનંદ કહે તે રંકરે, રાડ્યો પાડેરે ॥૬॥

પદ ॥૪૮॥

નાંખ્યો ભોંપર ખાખી સંતરે, તાણી તાણીરે ।
તેની જટા વિખેરી ખુબરે, ધનવંત જાણીરે ॥૧॥
પછી નિકળી બીજી ચારરે, મોર સોનાનીરે ।
તેણે ઉપર જણવી ત્યાગરે, રાખીતી છાનીરે ॥૨॥
તે સંતની સર્વે મોરરે, સીપાયે લીધીરે ।
તેને મુકીને તતકાળરે, આજ્ઞા દીધિરે ॥૩॥
થયો અધમુવા સરખો સંતરે, અતિ રિસાણોરે ।
દેતાં નવ લીધિ છાપરે, ક્રોધે તણાણોરે ॥૪॥
તે તીરથવાસીને શાપરે, બહુવિધ દેનેરે ।
ચાલ્યો મુકીને નિઃશ્વાસરે, નિરધન થૈનેરે ॥૫॥
જોયું સચ્ચિદાનંદ સુજાણરે, કૌતુક ભારીરે ।
મુક્તાનંદ કે' મુનિ વાતરે, લિધી વિચારીરે ॥૬॥

પદ ॥૪૯॥ (રાગ ગરબી)

('જનમ સુધાર્યો રે મારો' એ ઢાળ છે)

મુનિવર લિધુંરે વિચારી, આંયાં નિરધનિયાને ખ્વારી ॥૧॥

છાપો ધનવશરે જાણી, મુનિવર કાંઈ ન બોલ્યા વાણી ॥૨॥
હસતા ચારણરે આવ્યા, સચ્ચિદાનંદને હસી બોલાવ્યા ॥૩॥
ધનનો સંચો[1]રે ભારી, સંતમાં બહુ છે જોયું વિચારી ॥૪॥
તે પણ નજરેરે જોયું, ખાખિએ કપટ કરી ધન ખોયું ॥૫॥
કહે મુક્તાનંદરે પાપી, જીવે નિશદિન સંત સંતાપી ॥૬॥

પદ ॥૫૦॥

ચારણ મુનિનેરે કે'છે, તું પણ બગ ધ્યાની થૈ રે'છે ॥૧॥
મેં મન લીધુંરે વિચારી, તું પણ તે સરખો ઠગ ભારી ॥૨॥
જેમ ખાખીનેરે કીધું, જોરા મરદી ધન હરિ લીધું ॥૩॥
ચાકર કરડા[2]રે અમારા, કરશું તેવા હાલ તમારા ॥૪॥
મુનિવર બોલ્યારે ત્યારે, મોટી શિશ જટા નહિ મારે ॥૫॥
કહે મુક્તાનંદરે વાણી, મુનિવર બોલે સત્ય પ્રમાણી ॥૬॥

પદ ॥૫૧॥

વળી સચ્ચિદાનંદરે સ્વામી, બોલ્યા નિર્મલ મન નિષ્કામી ॥૧॥
કંથા જુનીરે મારે, તે પણ નાવે કામ તમારે ॥૨॥
એક લંગોટીરે પાસે, બાર આંગળની સારી ભાસે ॥૩॥
તે લૈ છાપોરે આપો, તો લિયો આ ઘડિયે દુઃખ કાપો ॥૪॥
એમ મુનિ બોલ્યારે જ્યારે, હસતા ચારણ ચાલ્યા ત્યારે ॥૫॥
મુનિવર અન્ન જળરે ત્યાગી, નિર્ભય ભજન કરે બડભાગી ॥૬॥
કહે મુક્તાનંદરે જ્ઞાની, સુખ દુઃખ સમ જાણે મુનિ ધ્યાની ॥૭॥

પદ ॥૫૨॥

મુનિ ત્રણ લાંઘણરે કીધિ, તોપણ દુષ્ટે છાપ ન દીધિ ॥૧॥
નિજ દુઃખ મનમાંરે ના'ણે, મુનિ પરદુઃખ ગિરિતુલ્ય પ્રમાણે ॥૨॥
પરદુઃખ દેખીરે ભારી, મુનિવર ન શક્યા ધિરજધારી ॥૩॥
વેગે ચાલ્યારે ધાઈ, પો'ત્યા શંખોદ્ધારમાં જાઈ ॥૪॥
હરિમંદિરનેરે પાસે, મુનિવર આવ્યા એકજ શ્વાસે ॥૫॥
કહે મુક્તાનંદરે મનમાં, લાગી પ્રીતિ હરિ દરશનમાં ॥૬॥

---

૧. સંચય, ૨. કઠોર

પદ ॥૫૩॥ (રાગ ગરબી)

('સખિ આજ મોહન દીઠારે કે શેરિયે આવતા રે' એ ઢાળ છે)

જ્યારે મુનિ દ્વારકાંનાથનેરે, પો'ત્યા જઈ બારણે રે ।
તે ટાણે ગોમતી પો'ત્યારે, બ્રાહ્મણ મુનિ કારણે રે ॥૧॥
અયોધ્યાવાસી દ્વિજનેરે, મુનિ સંગ હેત છે રે ।
બ્રાહ્મણ મહાભક્ત પ્રભુનારે, વિવેક સમેત છે રે ॥૨॥
સંતે હરિ દરશન સારુરે, જાવા માંડ્યું દ્વારમાં રે ।
પેઠા તિયાં પોળિયા[૧] બોલ્યારે, અતિ અહંકારમાં રે ॥૩॥
તું તે કોણ ક્યાંથી આવ્યોરે, ચાલ્યો કેમ જાયછે રે ।
આપ્યા વિના દ્રવ્ય અમારુંરે ઘેલો કેમ થાયછે રે ॥૪॥
છાપ વિના હુકમ વોંણો[૨] રે, આવ્યો કેમ ધાઈને રે ।
વે'લો યાંથી વેગળો જા તુંરે, ઈચ્છે જો ભલાઈને રે ॥૫॥
રાતાં રાતાં લોચન કાઢીરે, દરવાણી આવિયા રે ।
કહે મુક્તાનંદ મુનિનેરે, પાછા ધકાવિયા[૩] રે ॥૬॥

પદ ॥૫૪॥

અતિ અપમાન કીધુંરે, ધક્કા બહુ મારિયા રે ।
દેખે સૌ લોક તમાસોરે, કોંણે નવ વારિયા રે ॥૧॥
એવી રીતે વેગળા રાખીરે, ડારા બહુ દિધલા રે ।
પેઠો તો વાત છે તારીરે, ચોરસમ કિધલા રે ॥૨॥
મુનિ સચ્ચિદાનંદ તારેરે, બેઠા જૈ હાટમાં રે ।
એકાએકી મંદિર સનમુખરે, બિરાજ્યા વાટમાં રે ॥૩॥
જાતા હરિમંદિર માંહિરે, ગુગલીને જોઈને રે ।
મહામુનિ સાદ કીધોરે, રુડા જાણી કોઈને રે ॥૪॥
આવો મોટા વિપ્ર વિવેકીરે, સુણો મારી વાતડી રે ।
આજ મને કૃષ્ણ દેખાડોરે, ઠરે મારી છાતડી રે ॥૫॥
દ્વારામતીનાથ સાથેરે, લાગી મને ધાંખડી[૪] રે ।
વા'લો મુક્તાનંદને નિર્ખિરે, ઠરે મારી આંખડી રે ॥૬॥

૧ - પોળના રક્ષકો, ૨ - વગરનો, ૩ - ધક્કા મારી પાછા કાઢ્યા, ૪ - ઝંખના

પદ ॥૫૫॥

વળી મુનિ વિપ્રને કે'છેરે, ચિત્ત દઈને સુણો રે ।
પુરાણમાં વિપ્રનો મહિમારે, કહ્યો છે અતિ ઘણોરે ॥૧॥
વિપ્ર કેરુ અંતર કોમળરે, કહ્યું છે સર્વ ગ્રંથમાં રે ।
બ્રાહ્મણ સૌથી આગળ ચાલેરે, મોક્ષ કેરા પંથમાં રે ॥૨॥
માટે મુજ ઉપર કરુણારે, કરો દ્વિજરાયજી રે ।
કરાવો શ્રીકૃષ્ણનું દરશનરે, લાગું છું પાયજી રે ॥૩॥
વિપ્ર કહે સાંભળો સાધુરે, વાત કહું એટલી રે ।
સાચું કેજે મોર સોનાનીરે, તું પાસે કેટલી રે ॥૪॥
કંથા કે કોપીનમાં સાંધેલરે, ધન હોય તું કને[1] રે ।
ઈચ્છા હોય દર્શન કેરીરે, આપ્ય સર્વે મને રે ॥૫॥
મુનિ કહે ત્યાગ અમારેરે, ધન નવ રાખિયે રે ।
વા'લો મુક્તાનંદનો રાખીરે, બીજું સૌ નાંખિયે રે ॥૬॥

પદ ॥૫૬॥

વળી મુનિ કહે અમે ત્યાગીરે, ધાતુને અડું નહી રે ।
ધન ત્રિય ત્યાગ અમારેરે, માની લેજો સહી રે ॥૧॥
સહજાનંદ સ્વામિના સાધુરે, ધન ત્રિય ત્યાગિયે રે ।
કૃપાનિધિ કૃષ્ણ સાથેરે, દૃઢ અનુરાગિયે રે ॥૨॥
ત્યારે દ્વિજ બોલિયા કોપિરે, સુણો કહિયે વાતડી રે ।
તમે તો પાખંડ ચલાવીરે, કીધિ બહુ ઘાતડી રે ॥૩॥
હવે જો તું મરીશ આંહિરે, તોય તને જાણિયો રે ।
ન દેખિશ દ્વારકાંનાથનેરે, પાખંડી પ્રમાણિયો રે ॥૪॥
સહજાનંદના શિષ્યકેરારે, અમે ખરા કાળ છું રે ।
ધુતારાની ઉપર અમેરે, અતિવિકરાળ છું રે ॥૫॥
પુરીમધ્ય પેસવું દુર્લભરે, બિજુતો ક્યાં થકી રે ।
મુક્તાનંદ કે' દરશનનીરે, ના પાડી કરી નકી રે ॥૬॥

---

૧ પાસે

INDEX

પદ ॥૫૭॥ (રાગ ગરબી)

('મેં તો સગપણ કીધુંરે, શ્યામળિયા સાથે' એ ઢાળ છે)

વળી બોલ્યા બ્રાહ્મણરે કે, સંતશું કોપ કરી ।
તારા ગુરુને પાસેરે કે, જાતું પાછો ફરી ॥૧॥
તારો સદ્‌ગરુ પોતે રે કે, કૃષ્ણ કહાવે છે ।
ઠાલો તું ભમવારે કે, સીદને આવેછે ॥૨॥
અમે જ્યાં નથી ભેટ્યા રે કે, ત્યાં લગી ગાજેછે ।
અણસમજું આગળરે કે, અધિક વિરાજે છે ॥૩॥
એવાં કઠણ વચન કહીરે કે, ગુગલી ઘેર ગયા ।
ત્યાં સનમુખ આવીરે કે, બિજા ઉભા રહ્યા ॥૪॥
બોલ્યા મુનિ સાથેરે કે, ધનને આપીને ।
કરો કૃષ્ણનું દરશનરે કે, બંધન કાપીને ॥૫॥
ઠાલો શું લાંઘેરે કે, ધનને સંતાડીને ।
મુક્તાનંદ કે' બોલેરે કે, ગાલ વજાડીરે ॥૬॥

પદ ॥૫૮॥

કોઈ કઠણ વચન કહીરે કે, અતિ અપમાન કરે ।
મુનિ રોષ ન રાખેરે કે, હરિ ઉર ધ્યાન ધરે ॥૧॥
કોઈ કે' શઠ ક્યાંથીરે કે, બેઠો આવીને ।
કોઈ કે' ધુતારોરે કે, જાસે ફાવીને ॥૨॥
કોઈ ધુળ લઈનેરે કે, શિરપર નાંખે છે ।
કોઈ ઠિકરાં શિરપર રે કે, મુકી રાખે છે ॥૩॥
કોઈ આંખ્ય દેખાડીરે કે, અધિક ડરાવે છે ।
કોઈ તાલી પાડીરે કે, ધ્યાન ચુકાવે છે ॥૪॥
કોઈ કાનમાં મુખ કરીરે કે, અધિક પોકારે છે ।
કોઈ ઉનમત્ત જાણીરે કે, મુખપર મારે છે ॥૫॥
કદરજ[1]ની પેરેરે કે, અતિ અપમાન કર્યું ।
મુક્તાનંદ કે'મુનિવરરે કે, ચિત્ત હરિચરણ ધર્યું ॥૬॥

૧ - દુષ્ટની

INDEX

પદ ॥૫૯॥

પુરમાં મુનિવરની રે કે, ઘરઘર વાત કરે ।
એક આવ્યો છે સાધુરે કે, નિત્ય બગધ્યાન ધરે ॥૧॥
એતો સ્વામિનો સાધુરે કે, જાદું જાણે છે ।
વશ્ય કરી લોકને રે કે, મોજું માણે છે ॥૨॥
એમ દોષ દેખાડેરે કે, બ્રાહ્મણ અતિ ભારી ।
નિર્મલ મનવાળારે કે, ડરપે નરનારી ॥૩॥
અભ્યાગત જાણીરે કે, સેવા દૂર રહી ।
કોણે શુભ વચને કરીરે કે, મુખ નવ વાત કહી ॥૪॥
ઈર્ષ્યાને વશ્ય થૈરે કે, અતિ અવળું તાણ્યું ।
મુનિવરનું માહાત્મ્યરે કે, દુરમતિ નવ જાણ્યું ॥૫॥
અન્ન જળની આશારે કે, તજી મુનિવર જ્ઞાની ।
મુક્તાનંદ કે' હરિપદરે કે, મન ધાર્યું ધ્યાની ॥૬॥

પદ ॥૬૦॥

શ્રીદ્વારિકાં નાથનુંરે કે, દ્વાર નિહાળીને ।
બેઠા મુનિ સનમુખરે કે, આસન વાળીને ॥૧॥
ધન દૈ મંદિરમાંરે કે, જે જાત્રિ જાય ।
ત્યાં નરનારીનીરે કે, અતિ ભીષણ થાય ॥૨॥
નરને નારીનાંરે કે, ઉરસંગ ઉર ઘાસે ।
એવી દેખી અનીતિરે કે, અતિ અધર્મ ભાસે ॥૩॥
મુનિ પાપ તીરથમાં રે કે, દેખી મન ડરિયા ।
આતે છુટશે ક્યાં જૈરે કે, બોલ્યા સઉ પરિયા[1] ॥૪॥
ત્યાંના વાસીનુંરે કે, નિર્દયપણું ભાળી ।
આંહિ આરંભડાથીરે કે, અઘકી હદ વાળી ॥૫॥
તેને આરંભડાથી રે કે, શ્રીમદ અતિ જાણી ।
મુક્તાનંદ કે' મુનિવરરે કે, કાંઈ ન કહે વાણી ॥૬॥

૧ - યાત્રી

પદ ॥૬૧॥ (રાગ ગરબી)

('સખિ સાંભળ્યને કહું એક વારતારે' એ ઢાળ છે)

મુનિ બેઠા વિચારી એમ વારતા રે, રવિ અસ્ત થયા તેજ સંઘારતા[1] રે ॥૧॥
ટળ્યું તેજ થઈ રજની અંધારી રે, મુનિ અન્તરમાં શોચ કરે ભારી રે ॥૨॥
અતિનિર્દય સ્થાનમાં હું આવ્યો રે, મને લોકે પાખંડી ઠેરાવ્યો રે ॥૩॥
આંહિ કરવા જોગ્ય શો ઉપાય રે, કેમ કૃષ્ણજીનું દર્શન થાય રે ॥૪॥
આંહિ આવે તેને કષ્ટ થાય ભારી રે, મુક્તાનંદ કહે લીધું વિચારી રે ॥૫॥

પદ ॥૬૨॥

આંહિ આવશે અમારા ગુરુભાઈ રે, ત્યાગી મુનિવર મહા સુખદાઈ રે ॥૧॥
ગુરુવચન તે કેમ લોપાશે રે, આંહિ આવે તેની શીગતિ થાશે રે ॥૨॥
કરી આવો હરિદર્શન પ્રીતે રે, મને આગન્યા ગુરુની એવી રીતે રે ॥૩॥
ગુરુપાસે હવે કેમ જવાય રે, આંહિ દર્શન પણ નવ થાય રે ॥૪॥
ભક્તવત્સલ શ્રીકૃષ્ણ કે'વાય રે, જાણે અન્તરના સૌ અભિપ્રાય રે ॥૫॥
મુક્તાનંદ કહે મુનિવર ત્યાગી રે, રાખ્યો પ્રભુનો ભરોંસો બડભાગી રે ॥૬॥

પદ ॥૬૩॥

વા'લો દ્વારકાંનો નાથ છે દયાળ રે, મને દર્શન દેશે તતકાળ રે ॥૧॥
મુનિ મનમાં વિચારી એમ લીધું રે, પછી ગુરુને તે વંદન કીધું રે ॥૨॥
પ્રેમે કૃષ્ણજીનું ધ્યાન ધારી રે, બેઠા અન્ન જળ સર્વ વિસારી રે ॥૩॥
એમ બેઠાં બેઠાં દિન થયા ચાર રે, મુનિ કરે ગુરુ વચન વિચાર રે ॥૪॥
તજ્યું અન્ન ને ઉદક મુનિ ધીર રે, મુનિ દઢમતિ અતિ ગંભીર રે ॥૫॥
મુક્તાનંદ કે' સમાધિ દૃઢ લાગી રે, તેમાં કૃષ્ણને વિલોકે બડભાગી રે ॥૬॥

પદ ॥૬૪॥

મને ગુરુએ વચન કહ્યું જેમ રે, મારે દર્શન કરવું તેમ રે ॥૧॥
દૃઢ અંતરમાં આંટી એમ વાળી રે, જોવા પ્રગટ સ્વરૂપ વનમાળી રે ॥૨॥
દિન પાંચમેં તે મુનિ બડભાગી રે, થયા અતિશે દર્શન અનુરાગી રે ॥૩॥
પછી સ્તવન કર્યાનું મન ધાર્યું રે, હરિમાહાત્મ્ય અધિક વિચાર્યું રે ॥૪॥
મુક્તાનંદ કે'સ્તવન સુખકારી રે, મુનિ ઉચર્યા દયાળુતા વિચારી રે ॥૫॥

૧ - સંઘરતા

પદ ॥૬૫॥ (રાગ ધોળ)

('શ્યામળિયા સનેહિ તારી પ્રીતડી બંધાણી વા'લા એ ઢાળ છે)

રુક્મિણી નાથ તારી, મૂર્તિ રુપાળી વા'લા ।
શ્રીકૃષ્ણ સદા વિહારી, નિત્ય વનમાળી વા'લા ॥૧॥
ભવ બ્રહ્મા ઈન્દ્ર આદિ, વંદે જેના પાય વા'લા ।
ધર્મ ભક્તિને ધરી, રહ્યા છો સદાય વા'લા ॥૨॥
પુણ્યરૂપ કીર્તિનો કે'તાં, ના'વે પાર વા'લા ।
દ્વારિકાં અધીશ તારી, મૂર્તિ ઉદાર વા'લા ॥૩॥
મહાવરદાતા મને, રિઝજો મુરારી વા'લા ।
દરશન દીજે જાઉ, તમ પર વારી વા'લા ॥૪॥
અસુરના ભયથકી, ભક્તોને ઉગારો વા'લા ।
શંખ ગદા ચક્રધારી, દુષ્ટને સંહારો વા'લા ॥૫॥
સર્વે શક્તિના સ્વામી, અખંડ વિરાજો વા'લા ।
મુક્તાનંદના સ્વામી સદા, અતિ છબિ છાજો વા'લા ॥૬॥

પદ ॥૬૬॥

દ્વારકાંના નાથ મને, દરશન આપો વા'લા ।
દાસપર રીઝો વરદાતા, દુઃખ કાપો વા'લા ॥૧॥
વસ્ત્ર હર્યાને ટાણે, દ્રૌપદી સંભાર્યા વા'લા ।
શ્રીસહિત સજ્યા ત્યાગી, પ્રેમેશું પધાર્યા વા'લા ॥૨॥
ચીરના સમૂહ પુરિ, લજ્જા તેની રાખી વા'લા ।
ભક્તની ભીડે આવ્યા, સભા સઉ સાખી[૧] વા'લા ॥૩॥
શ્રીપતિ દ્વારકાધીશ, વરના દેનારા વા'લા ।
મુજપર રીઝો કરો, કષ્ટનો સંહાર વા'લા ॥૪॥
અચળ તમારાં ભક્ત, દ્રૌપદીને જાણી વા'લા ।
દુઃશાસને કેશ ગ્રહી, ચીર લીધાં તાણી વા'લા ॥૫॥
ભક્તવત્સલ વિરદ[૨], લીધું વિચારી વા'લા ।
મુક્તાનંદ કે' કૌરવ ઉપર, કોપ કર્યો ભારી વા'લા ॥૬॥

૧ - સાક્ષી, ૨ - બિરૂદ

પદ ॥૬૭॥

દ્રૌપદીનું માનભંગ, જ્યારે એણે કિધું વા'લા ।
ત્યારે તમે કોપ કરી, સાચું પણ લીધું વા'લા ॥૧॥
કૌરવોની નારિયોને, કેશ વિના કીધિ વા'લા ।
રંડાપો આપીને ઘણું, રઝળાવિ દીધિ વા'લા ॥૨॥
દ્વારકાંના નાથ તમે, કમલાના સ્વામી વા'લા ।
મુજપર વરદાતા, રીજો બહુનામી વા'લા ॥૩॥
દુર્વાસા થકી દુઃખ, ઉપજ્યું અપાર વા'લા ।
દુઃખમાં ડુબતા દેખી, લીધિ તેની સાર વા'લા ॥૪॥
અડવાણે[1] પગે વેગે, વનમધ્ય આવ્યા વા'લા ।
ભાજિનું પાનડું જમી, ભક્તને બચાવ્યા વા'લા ॥૫॥
ભક્તવત્સલ હું તો, દાસ તમારો વા'લા ।
મુક્તાનંદના નાથ મારો, વિનય ઉર ધારો વા'લા ॥૬॥

પદ ॥૬૮॥

દ્વારકાંના રાજા રુડા, વરના દેનાર વા'લા ।
મુજપર રીઝો મારા, હૈડાના હાર વા'લા ॥૧॥
સત્યભામાજીનું(તમે), મનવાંછિત તે કીધું વા'લા ।
ઈન્દ્રાદિક દેવ જીતિ, પારિજાત લીધું વા'લા ॥૨॥
પારિજાત વૃક્ષને રોપ્યું, પુરિમાંઇ વા'લા ।
માનેતીને માન દીધું, દુબ્યા[2] નહિ કાંઇ વા'લા ॥૩॥
દ્વારકાંના નાથ, સત્યભામાજીના શ્યામ વા'લા ।
વરના દેનાર મને, રીઝો ગુણના ધામ વા'લા ॥૪॥
વેરે કરી વાંકી રાખે, ભ્રકુટી અપાર વા'લા ।
શસ્ત્ર લઈ સામા થાય, મારવાને ત્યાર વા'લા ॥૫॥
વાંકાં વાંકાં વેંણ બોલે, દૈત્ય ગમાર વા'લા ।
મુક્તાનંદના નાથ તેનો, કરોછો ઉદ્ધાર વા'લા ॥૬॥

૧ - ઉઘાડા, ૨ - દુઃખ પામ્યા

પદ ॥૬૯॥

દુષ્ટ દૈત્યોને આપો, વૈકુંઠનો વાસ વા'લા ।
એવા તો દયાળું તમે, એક અવિનાશ વા'લા ॥૧॥
તમારું દરશન તેતો, અમૃત કે'વાય વા'લા ।
ધનવાળા પામે, નિર્ધન ઠાલા જાય વા'લા ॥૨॥
એવું તમને કે'વું તેતો, અતિશે અસાર વા'લા ।
દીનબંધું નામ તારું, અતિશે ઉદાર વા'લા ॥૩॥
અકિંચન વાલા તમને, પ્રાણસમાન વા'લા ।
ભક્તને આધીન તમે, કાવો[1] ભગવાન વા'લા ॥૪॥
દ્વારકાં અધીશ તમે, વરદાતા કાવો વા'લા ।
મુજપર મહેર કરી, ચોંપે ચાલી આવો વા'લા ॥૫॥
કરુણાનિધાન નામ તારું, અતિશે ઉદાર વા'લા ।
મુક્તાનંદના નાથ કરો, કરુણા જાચું વા'લા ॥૬॥

પદ ॥૭૦॥

જ્ઞાનાદિક રત્ન સમૂહ, અતિ સાર વા'લા ।
ભૂમિવિષે જીવોકેરો, કરવા ઉદ્ધાર વા'લા ॥૧॥
ઉદ્ધવને વિષે ધર્યું છે, નિર્મલ નિજજ્ઞાન વા'લા ।
ઉદ્ધવદ્વારે અનંતને દેવા, અભય દાન વા'લા ॥૨॥
ઉદ્ધવસ્વામિનો મારગ, ભજતો હું દાસ વા'લા ।
મુજપર રીઝો વરદાતા, અવિનાશ વા'લા ॥૩॥
દ્વારામતી રાય તમે, કૃપાળુ કેવાઓ વા'લા ।
મુજપર મહેર કરી, વેગે રાજી થાઓ વા'લા ॥૪॥
કલિમલ અંતરે સ્ફુરે, છે દુઃખકારી વા'લા ।
સુર નર અસુરને, મોહે નાખ્યા મારી વા'લા ॥૫॥
તે થકીતો છેટે તમે, સદા સુખધામ વા'લા ।
તે માટે ત્રિયુગ એવુ, કે'છે મુનિ નામ વા'લા ॥૬॥
સંસારથી તપિને શરણે, આવે કોય વા'લા ।
દીનાનાથ પામેછે વાંછિત, વર સોય વા'લા ॥૭॥

૧ - કહેવડાવો

INDEX

દ્વારામતીનાથ વરદાતા, છો દયાલુ વા'લા ।
મુક્તાનંદના સ્વામી મને, રીઝો તતકાલ વા'લા ॥૮॥

પદ ॥૭૧॥ (રાગ ધોળ)

('મારે પ્રીત બંધાણીરે કે, શ્યામળિયા સાથે' એ ઢાળ છે)

પ્રેમ કરી વિનંતિ રે કે, મુનિવર વિજ્ઞાની ।
પ્રભુમાં ચિત્ત ચોર્યુંરે કે, બેઠા દૃઢ ધ્યાની ॥૧॥
તજિ ત્રણ અવસ્થારે કે, તુરિયા પદ પો'તા ।
ત્યાગ્યા ત્રણ ગુણનેરે કે, ષટ ઉર્મિ સોતા ॥૨॥
જગદીશ જદુપતિરે કે, દ્વારામતી સ્વામી ।
સદા ભક્તવત્સલ બિરુદરે કે, રાખે બહુનામી ॥૩॥
તેના ભાવને જાણેરે કે, હરિ અંતરયામી ।
દીધું દર્શન મુનિનેરે કે, જાણી નિષ્કામી ॥૪॥
માઘ કૃષ્ણ એકાદશીરે કે, વિજયા અતિ સારી ।
તેની રાત્રે આવ્યારે કે, જદુપતિ સુખકારી ॥૫॥
ચોથે પો'ર પધાર્યારે કે, મુનિપાસે હસતા ।
વાલો મુક્તાનંદનોરે કે, અંતર મસમસતા[1] ॥૬॥

પદ ॥૭૨॥

જેવા શંખોદ્ધારમાંરે કે, પ્રગટ સ્વરુપે સદા ।
તેવા પ્રથમ તે મુનિનારે કે, ઉરમાં પ્રગટ તદા ॥૧॥
રુક્મિણી સત્યભામારે કે, ઉદ્ધવ સંગ લઈ ।
પ્રભુ સાત્યકી સોતારે કે, પ્રગટયા ઉરમાં જઈ ॥૨॥
કોટિ કોટિ સૂર્ય સમરેકે, પ્રગટ્યું રુપ જૈયે ।
મુનિ અચરજ દેખીરે કે, પ્રેમમાં મગન તૈયે ॥૩॥
દર્શન દઈ તત્ક્ષણેરે કે, અંતર્ધાન થયા ।
મુનિવ્યાકુળ થૈનેરે કે, વેગે જાગી ગયા ॥૪॥
જોયું દૃષ્ટિ ઉઘાડીરે કે, મહા મુનિવર જ્યારે ।
દિઠા પ્રગટ સ્વરૂપેરે કે, ત્રિભુવનપતિ ત્યારે ॥૫॥

૧ - મસ્ત બનીને

જોઈ રૂપ અલૌકિકરે કે, મુનિમન હરખ ઘણો ।
વાલો મુક્તાનંદનોરે કે, સુરતરુ ભક્તતણો ॥૬॥

પદ ॥૭૩॥

ઘનશ્યામ મનોહરરે કે, સુંદર વપુ છાજે ।
પીળાં વિજળી સરખાં રે કે, પીતાંબર રાજે ॥૧॥
પહેર્યાં અનંત આભૂષણરે કે, ઝળકે કાન્તિ ઘણી ।
માથે રવિસમ શોભેરે કે, કાન્તિ મુગટતણી ॥૨॥
કાજુ[૧] કમળ સરિખાંરે કે, સુંદર દ્રગ શોભે ।
ગળે મોતિની માળારે કે, જોઈ જોઈ મન લોભે ॥૩॥
શોભે હાર હૈયાપરરે કે, સુંદર અતિ સારા ।
મંદહાસ સહિત મુખરે કે, લાગે અતિ પ્યારા ॥૪॥
ભુજ ચાર ધર્યા છેરે કે, શંખાદિક ચારે ।
દ્વારામતી સ્વામીરે કે, શોભા બહુ ધારે ॥૫॥
કમળા[૨] શુભ આભરણ[૩] રે કે, વસ્ત્ર ધરી તનમાં ।
સેવે મુક્તાનંદનો રે કે, પ્રભુ સુખ ભરિ મનમાં ॥૬॥

પદ ॥૭૪॥

કાજુ વીંજણો કરમાંરે કે, લૈ કમલા પ્યારી ।
બીજે હાથ કમળ લૈ રે કે, સેવે સુખકારી ॥૧॥
ઝળહળતી જ્યોતિરે કે, ધરી હરિમુખ નીરખે ।
કમળા પ્રેમે કરીરે કે, જોતાં મન હરખે ॥૨॥
લાવણ્ય રૂપે કરીરે કે, અધિક બિરાજેછે ।
કર સુવર્ણ ઝારીરે કે, અતિ છબી છાજેછે ॥૩॥
એવાં સત્યભામા પણ રે કે, હરિમુખ જોઈ રહે ।
પ્રભુપાસે રહીનેરે કે, ગમતાં વચન કહે ॥૪॥
ઉદ્ધવ ચામર લૈ રે કે, જમણી કોર રહી ।
અતિ વિનયથી વિંજેરે કે, જય જય શબ્દ કહી ॥૫॥
સાત્યકી લઈ ચામરરે કે, ડાબી કોરે તદા ।
પ્રેમે મુક્તાનંદનારે કે, પ્રભુજીને સેવે સદા ॥૬॥

૧ - સરસ, ૨ - લક્ષ્મી, ૩ - ઘરેણાં

પદ ॥૭૫॥

વાંસે છત્ર લઈનેરે કે, અર્જુન શોભેછે ।
શ્રીપતિ મહારાજારે કે, જોઈ મન લોભેછે ॥૧॥
એવા શ્રીપતિ નિરખીરે કે, મુનિ મન મોદ ભર્યા ।
પ્રેમે દંડની પેરરે કે, પ્રભુને પ્રણામ કર્યા ॥૨॥
પ્રેમ આંસુએ રુંધેલરે કે, નયન મુનિ ત્યાગી ।
રોમાંચિત અંગેરે કે, પ્રભુપદ અનુરાગી ॥૩॥
એકાદશ દિન લગરે કે, અન્ન જળ ત્યાગ કર્યું ।
ચિત્ત શ્યામળિયામાંરે કે, મુનિવર અખંડ ધર્યું ॥૪॥
વિપ્રાદિક નિર્દયરે કે, જાત્રા વ્યર્થ કરી ।
એવા મુનિને નિર્ખીરે કે, પ્રેમે અધીર હરિ ॥૫॥
તજિ શંખ ચક્રને રે કે, હરખે કર ઝાલી ।
વાલો મુક્તાનંદનોરે કે, મળ્યા ઉરમાં ઘાલી ॥૬॥

પદ ॥૭૬॥

મુનિને હરિ હરખેરે કે, વેગે મળ્યા જ્યારે ।
મુનિ મનવિષે માન્યોરે કે, સુફળ જનમ ત્યારે ॥૧॥
મુનિના ભુજ ઉર પરરે કે, શ્રીહરિ હાથ ધર્યા ।
મુનિને શિર કર ધરીરે કે, અધિક સનાથ કર્યા ॥૨॥
ખંભાપર કર ધરીરે કે, અતિ પ્રેમી ભાળી ।
મુનિવર સંગ બોલ્યારે કે, વિહ્વલ વનમાળી ॥૩॥
તમે ધન્યધન્ય મુનિવરરે કે, ધન્ય ભક્તિ તારી ।
હમણાં હું રિઝ્યોરે કે, તુંજપર અતિ ભારી ॥૪॥
તે માટે મુંજથકી રે કે, વાંછિત વર માગો ।
અતિશે કેમ માગુંરે કે, એવો ભય ત્યાગો ॥૫॥
જે જે તમે માગોરે કે, તે સર્વે આપું ।
પ્રેમે મુક્તાનંદનોરે કે, પ્રભુ કહે દુઃખ કાપું ॥૬॥

પદ ॥૭૭॥ (રાગ ધોળ)

('કુંદન પુર વિવાહ રચ્યો, સુંણિ ભૂપતિ ભીમકરાય' એ ઢાળ છે)

પ્રેમે કરી પ્રભુ બોલિયા, સાંભળો સંત સુજાણ ।
ભક્તના કરી રાખિયા, મેતો મારા તન ધન પ્રાણ ॥૧॥
ચૌદ ભુવનમાં જે સુખ સંપત્ય, સારમાં અતિસાર ।
સાધુને ન દેવાય એવું, મેં નથી રાખ્યું લગાર ॥૨॥
તે માટે શંકા તજિ તમે, માગો મુનિ વરદાન ।
જે માગો તે આપશું, એમ બોલ્યા શ્રીભગવાન ॥૩॥
એવી રીતે વરદાન સારુ, પ્રેર્યા સુંદર શ્યામ ।
પ્રભુ વિના મુનિ અન્ય ન ઈચ્છે, એવા ભક્ત અકામ ॥૪॥
અન્ન ઉદક અગ્યાર દિન, લગી તજ્યું મુનિવર જેહ ।
શ્રીહરિના કર સ્પર્શ, સર્વ કષ્ટ ભાંગ્યું તેહ ॥૫॥
પોતાપર પ્રેમ પ્રભુનો, દિઠો અનંત અપાર ।
મુક્તાનંદ કહે મહામુનિ, કીધો તે પરમ વિચાર ॥૬॥

પદ ॥૭૮॥

શરણાગત વત્સલપણું, વળી કૃપાના ભંડાર ।
એવા ગુણ જોઈ મુનિના, મનમાં વાધ્યો પ્રેમ અપાર ॥૧॥
પ્રેમ અતિશે પ્રગટ્યો, તેણે લોચન વહે જલધાર ।
ગદગદ સ્વર મુનિ બોલિયા, કરી વંદન વારમવાર ॥૨॥
નમો નમો શ્રીમંગલમૂર્તિ, નમો અખિલ આધાર ।
નમો નમો નરદેવ રૂપે, જાદવના શણગાર ॥૩॥
નમો કરુણાસિંધુ તમને, શ્રીદ્વારામતી રાય ।
મેટણ અતિ અઘ ઓઘને, લળિ લળિને લાગું પાય ॥૪॥
ભક્તવત્સલ ભગવાન તમને, વંદુ વારમવાર ।
સર્વ કારણને નમું, જેથી પામિયે ભવપાર ॥૫॥
શ્રીસત્યભામા રમણ તમને, નમું છું જોડિ હાથ ।
નારાયણ તમને નમું, વાલા મુક્તાનંદના નાથ ॥૬॥

પદ ॥૭૯॥

અર્જુનનું પ્રિય કર્યાને કારણ, કૃષ્ણ સ્વરૂપ કૃપાલ ।
વૃષ્ણિકુલ કેરા મુખિ તમને, નમું તતકાલ ॥૧॥
રાજકન્યા અનંતને, મનવાંછિત ફલ દેનાર ।
વરદાતા શ્રીવિષ્ણુ તમને, વંદુ વારમવાર ॥૨॥
ભૂના ભાર રૂપ નૃપ તેના, દાવાનળ વિકરાલ ।
સાધુને સત્ય ધર્મના, તમે પ્રેમેશું પ્રતિપાલ ॥૩॥
સુદામાનું દારિદ્રય, હરનાર સુખના ધામ ।
ઉદ્ધવને અતિવલ્લભ તમને, પ્રેમે કરું છું પ્રણામ ॥૪॥
શ્રીપતિ શોભાધામ છો, વૈકુંઠપતિ મહારાજ ।
દેવકીનંદન દયાળું, ગોવિંદ ગરિબનિવાજ ॥૫॥
દ્વારિકાંપતિ ચક્રપાણી, રૂક્મિણીના ઈશ ।
મુક્તાનંદમુનિ માગિયું, રહો રાજી શ્રીજગદીશ ॥૬॥

પદ ॥૮૦॥

દયાનિધિ નિજદાસ ઉપર, કૃપા આવિ જેહ ।
તે તમમાં શોભે સદા, અન્ય ઠોર ક્યાંઈ ન તેહ ॥૧॥
મનોરથ મારા તમે, કર્યા સુફળ શ્રીભગવાન ।
પૂરણકામ કર્યો મને તમે, આપ્યું દર્શનદાન ॥૨॥
પ્રભુ તમારા ચરણપંકજ, અખિલ આનંદરૂપ ।
તે હમણાં હું પ્રગટ પામ્યો, આનંદકારી અનૂપ ॥૩॥
એ થકી વરદાન અન્ય, હવે શું માગું સુખકંદ ।
તોપણ છે એક જાચ્યા એવું, જાણજો જગવંદ ॥૪॥
વચન સુણી વરદાન મુજને, આપો દીનદયાલ ।
અસમર્થ નહિ આપતાં, તમે કા'વો જનપ્રતિપાલ ॥૫॥
ભક્તવત્સલ બિરુદ તમારું, સત્ય સદા સુખધામ ।
મુક્તાનંદના નાથ તમને, વાલા જન નિષ્કામ ॥૬॥

પદ ॥૮૧॥ (રાગ ધોળ)

('સખિ સાંભળને કહું વાતડીરે, આનંદની એક આજ' એ ઢાળ છે)

સુણો શ્યામ સલુણા વાતડીરે, આનંદ કારી એક ।
એમાં થાશે ઉત્તમ ખ્યાતડીરે, જાણશે લોક વિવેક ॥૧॥
દીધિ ગુરુ અમારે આગન્યારે, ઉત્તમ એ ઉપાય ।
કરો ગૃહી ત્યાગી સહું જાતરારે, જોવા જાદવરાય ॥૨॥
અતિ ઉત્તમ શ્રીદ્વારામતીરે, તીરથ કરવા જોગ્ય ।
કરે જે કોય એની જાતરારે, પામે સુખ આરોગ્ય ॥૩॥
સ્વામી સદ્‌ગુરુની આગન્યારે, એમ થઈ છે દેવ ।
તેમાં ધનવાળાને ધામમાંરે, છાપ મળે તતખેવ ॥૪॥
તેને થાય સુખે આ જાતરારે, જે કોય આપે દામ ।
એને આડ્ય નહિ આ ધામમાં રે, નિરખે સુંદર શ્યામ ॥૫॥
આતો તીરથ ત્યાગી સંતનેરે, ધન બિના કેમ થાય ।
મુક્તાનંદના વાલા માવજીરે, એનો શો ઉપાય ॥૬॥

પદ ॥૮૨॥

સાધુ ઉદ્ધવના આ લોકમાંરે, તેને તો કરતાર ।
કરવી કઠણ છે આ જાતરારે, આપે દુઃખ અપાર ॥૧॥
મને ના'વા ન દીધિ ગોમતીરે, તેમ ન દીધિ છાપ ।
આજ તો લાંઘણ થઈ અગ્યારમીરે, તમે હર્યો સંતાપ ॥૨॥
તમે દર્શન આપ્યું દીનનેરે, સુંદર શ્યામ સુજાણ ।
મને આજ મળ્યા જીવાડવારે, જાતા રાખ્યા પ્રાણ ॥૩॥
અતિ કઠણ આવા દેશમાંરે, સંતે કેમ અવાય ।
એને જેમ કરી ગુરુ આગન્યારે, તે પણ કેમ લોપાય ॥૪॥
જેવી રીત્યે દર્શન તેહનેરે, થાય સદા સુખધામ ।
એવી મહેર કરો મુનિ ઉપરેરે, જાણિ દાસ અકામ ॥૫॥
મોહન મહેર કરી મુને ઉપરેરે, ચાલજો મારે સાથ ।
મુક્તાનંદના વાલા શ્રીહરિરે, એ વર માગ્યો નાથ ॥૬॥

પદ ॥૮૩॥

એવી પ્રાર્થના બહુ પ્રેમશું રે, કીધિ સંત સુજાણ ।
અતિ માન દૈ મુનિ રાયને રે, બોલિયા સારંગપાણ ॥૧॥
થયા ભક્તવત્સલ ભૂધરો રે, સાધુને આધીન ।
સાચાં વચન બોલ્યા શ્રીહરિ રે, દયાનિધિ થઈ દીન ॥૨॥
તમે જે માગ્યું જુગત્યે કરી રે, કરીશ તેમજ કામ ।
મારે સાચી દોલત સંત છે રે, નિષ્કામી ગુણધામ ॥૩॥
એવા સંતતો આંહિ આવતાં રે, પામે દુઃખ અપાર ।
મારું દર્શન દુર્લભ આંહિતો રે, એ નિશ્ચે નિરધાર ॥૪॥
આંહિ તીરથમાં જેજે રહે રે, દયા ન તેને લેશ ।
લોભે લાજ તજિ વલખાં કરે રે, જુઠા દૈ ઉપદેશ ॥૫॥
મારા સંત સકોમલ તેહનો રે, દ્રોહ કરે દિન રાત ।
મુક્તાનંદનો વાલો બોલિયા રે, જાણું છું સૌ વાત ॥૬॥

પદ ॥૮૪॥

માટે આવીશ હું વરતાલમાં રે, સંતતણા સુખકાજ ।
એવું અતિ આનંદે બોલિયા રે, શ્રીમુખ શ્રીમહારાજ ॥૧॥
ત્યાંતો શ્રી લક્ષ્મીનારાયણની રે, મૂર્તિ આનંદરૂપ ।
તેમાં આવીને સહુ સંતને રે, આપીશ સુખ અનુપ ॥૨॥
આપિશ આંહિ એવું હું ત્યાંકણે રે, દર્શનકેરું દાન ।
કરીશ મતવાલા સૌ સંતને રે, એમ બોલ્યા ભગવાન ॥૩॥
ત્યાંની મૂર્તિને રૂપે કરી રે, દર્શન મારું જેહ ।
થાશે શ્રીવરતાલના ચોકમાં રે, સૌ સંતોને તેહ ॥૪॥
સૌને દ્વારિકાંનાથની જાતરા રે, સિદ્ધ થાશે તે ઠામ ।
તેમાં સંશય લેશ માં રાખજો રે, એમ બોલ્યા સુખધામ ॥૫॥
જ્યાં હું વસુ ત્યાં દ્વારામતી રે, સંગ રહે સાક્ષાત ।
મુક્તાનંદ કે મોહન પ્રેમશું રે, વરરૂપે[1] કહી વાત ॥૬॥

૧ વરરૂપે - વરદાન રૂપે

પદ ॥૮૫॥ (રાગ ગરબી)

('સાંભળ સૈયર કહું વાતડી, ઉત્તમ આસો માસ' એ ઢાળ છે)

ઉદ્ધવ મારો આતમા, એમાં ન સંશય લેશ ।
જેને મેં નિજ જ્ઞાનનો, આપ્યો છે ઉપદેશ ॥૧॥
આચાર્યપણું આપિયું, કીધા મોક્ષ દાતાર ।
ઉદ્ધવના ઉપદેશથી, પતિત થયા ભવપાર ॥૨॥
તે ઉદ્ધવસંપ્રદાયના, સંત સકોમલ જેહ ।
ધન નારી ત્યાગી મને, ભજે નિરંતર તેહ ॥૩॥
એ મારગને આશરે, ગૃહી નરનારી કોય ।
શુદ્ધ ધર્મમાં તે રહે, મુજને વાલા સોય ॥૪॥
ઉદ્ધવના સંપ્રદાયનાં, જે કોઈ ત્યાગી સંત ।
મુજને ઉદ્ધવતુલ્ય તે, અતિવાલા બુદ્ધિવંત ॥૫॥
સંત કહે તે હું કરું, એજ અનાદિ રીત ।
મુક્તાનંદનો નાથ કે', મુનિ સંગ મારે પ્રીત ॥૬॥

પદ ॥૮૬॥

તે માટે મુનિ જાઓ ત્યાં, આજ તમે થઈ ત્યાર ।
હું પણ આવીશ ત્યાંકણે, તમ ભેળો કરી પ્યાર ॥૧॥
તે મુનિને પ્રભુ એમ કહી, થૈ ગયા અન્તર્ધ્યાન ।
મુનિવર અચરજ માનિયું, નિરખિ શ્રીભગવાન ॥૨॥
મુનિ મનમાં વિસ્મય થયા, લીધિ વિચારી વાત ।
સાચું કરશે શ્રીહરિ, જે બોલ્યા સાક્ષાત ॥૩॥
શ્રીગુરુ સહજાનંદની, કરુણાનું એહ ફલ ।
ઉરમાં એમ વિચારિયું, તેમાં નહિ સંદેહ ॥૪॥
કેને ન કહી એ વારતા, મરમ ન જાણે કોય ।
સચ્ચિદાનંદ મુનિ ચાલિયા, ગોમતીએ ગયા સોય ॥૫॥
વિપ્ર જુવે છે વાટડી, કોશલવાસી સુજાણ ।
મુક્તાનંદ મુનિ કારણે, વ્યાકુળ સૌના પ્રાણ ॥૬॥

પદ ॥૮૭॥

જ્યારે ગયા દ્વિજ ગોમતી, ખોળ્યા ઠામો ઠામ ।
કોશલવાસી વિપ્રને, મુનિ ન મળ્યા નિષ્કામ ॥૧॥
ન મળ્યા શહેર બજારમાં, ન મળ્યા ગોમતી તીર ।
શ્વાસ ભરે દુઃખિયા થઈ, નયણે વરષે નીર ॥૨॥
સૌનાં મુખ ગયાં ઉતરી, વિપ્ર કરેછે વિચાર ।
દૈવજોગે કરીને થયું, આપણે પાપ અપાર ॥૩॥
સ્વામિને વાલા ઘણા, સંત દયાળું સોય ।
આંહિ થકી ક્યાં ગયા હશે, ખબર ન લાધિ કોય ॥૪॥
સંત વિના સ્વામી કને, કેમ જાશું કહો વાત ।
કેમ કરી મુખ દેખાડશું, થયો અધિક ઉતપાત ॥૫॥
દૈવે હણ્યા એવા આપણે, શું કે'શું જૈ વેંણ ।
મુક્તાનંદના નાથનું, આવ્યું શિર પર કેંણ ॥૬॥

પદ ॥૮૮॥

કેમ કરી જાશું આપણે, દુર્ગનગરમાં વીર ।
કંકનાં[1] વચન સ્વરૂપ તે, કેમ સહેવાશે તીર ॥૧॥
ત્યારે તે પ્રત્યે બોલિયા, મનછારામજી વાત ।
સંતને મુંકી ન ચાલવું, પ્રથમ કહ્યું મે ભ્રાત ॥૨॥
તેતો તમે નવ સાંભળ્યું, હવે શ્યા ઘસવા હાથ ।
સારું કરશે સૌતણુ, સંભારો જદુનાથ ॥૩॥
ગમ ખાઈ ગોપાલજી, બોલ્યા વચન સુજાણ ।
મેં મોટેરા ભાઈનાં, કિધાં વચન પ્રમાણ ॥૪॥
તાતતુલ્ય બડા ભાઈનું, વચન તે કેમ લોપાય ।
એમ જાણી ગયા આપણે, હવે તે શો ઉપાય ॥૫॥
શોક સહિત એવી વારતા, બોલ્યા વિપ્ર ઉદાર ।
મુક્તાનંદના નાથનો, ઉરમાં ત્રાસ અપાર ॥૬॥

૧ કંકના - કોઈના

પદ ॥૮૯॥ (રાગ ગરબી)

('વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ' એ ઢાળ છે)

બોલ્યા નંદરામજી બોલ, સુણો ગોપાલજીરે લોલ ।
પ્રથમ કહી તમે સર્વે વાત, હવે થયા બાળજીરે લોલ ॥૧॥
મુનિની સમાધિને મુજ પાસ, પ્રથમ મોટી કહિરે લોલ,
હવે તમે વૃથા ધરો છો વાંક, કે મારે શિર લહિરે લોલ ॥૨॥
એવું કે'તાં મનછારામ, મધ્યેથી બોલિયારે લોલ,
બે ભાયોને વચન વિવાદ, કે સર્વ ઉકેલિયા રે લોલ ॥૩॥
દૈવે જે નિરમ્યું તે થાય, વૃથા ચિન્તા તજોરે લોલ,
દુઃખ હરતા દ્વારામતિ રાય, અચળ ઉરમાં ભજોરે લોલ ॥૪॥
સ્વામિએ મોકલ્યા જેને પાસ, કે તે સંભાળશેરે લોલ,
સમરથ છોગાળો રણછોડ, કે સંકટ ટાળશેરે લોલ ॥૫॥
તે માટે તમે દૃઢ વિશ્વાસ, રહો ઉરમાં ધરીરે લોલ,
સમરો મુક્તાનંદનો શ્યામ, કે સુખ કરશે હરિરે લોલ ॥૬॥

પદ ॥૯૦॥

વળી કહે મનછારામજી વાત, દયાળુ તે સંત છે રે લોલ,
સચ્ચિદાનંદ મુનિ દૃઢ હરિભક્ત, કે ઉર ભગવંત છે રે લોલ ॥૧॥
મુનિવર પ્રથમ દુરગપુર જાય, એવું થાશે નહિ રે લોલ,
આપણને મુકીને આંહિ, કે તે જાશે નહિ રે લોલ ॥૨॥
શંખોદ્ધાર ગયા મુનિ ધીર, કે નિશ્ચે જાણજોરે લોલ,
મારા મનમાં ભાશ્યું એમ, કે સત્ય પ્રમાણજોરે લોલ ॥૩॥
આવશે નિશ્ચે મુનિવર આંહિ, અચલ એ વારતારે લોલ,
માટે આપણે રહેવું આંહિ, કે હરિ સંભારતારે લોલ ॥૪॥
એવાં તેનાં વચન સુણિ બેઉ ભ્રાત, કે માની વાતડીરે લોલ,
ભજવા લાગ્યા શ્રીભગવાન, કે કરી સ્થિર છાતડીરે લોલ ॥૫॥
દ્વારકાધીશને ગુરુનું ધ્યાન, ધરી દ્વિજ ત્યાં રહ્યારે લોલ,
મુક્તાનંદ કહે સંતની વાટ્ય, કે જોઈ દ્વિજ નવ ગયારે લોલ ॥૬॥

પદ ॥૯૧॥

નિત્ય દ્વિજ ગોમતીજીમાં નાહ્ય, કે વિધિવત રીતશુંરે લોલ,
નિરખે ત્યાં નિત્ય શ્રીરણછોડ, કે પૂરણ પ્રીતશુરે લોલ ॥૧॥
ચિન્તા સહિત રહ્યા દિન ચાર, આવિ એકાદશીરે લોલ,
આદર્યો દ્વાદશીને દિન પાક,[૧] કે ગોમતીમાં વસીરે લોલ ॥૨॥
સંતની ચિન્તા વિપ્ર સુજાણ, કરે મનમાં ઘણી રે લોલ,
વારમવાર જુવે દ્વિજ વાટ, મુનિ આવ્યાતણી રે લોલ ॥૩॥
આપણું મન્દમતિનું ભાગ્ય, કે એવું ક્યાં થકીરે લોલ,
આવે પારણાં વેળા એ સંત, વેગે જ્યાં ત્યાં થકીરે લોલ ॥૪॥
મુનિવર દર્શનનું દઈ દાન, આવિ કરે પારણાં રે લોલ,
તો એ મુનિવરનાં મહા પ્રેમ, શું લિજે વારણાંરે લોલ ॥૫॥
કોશલવાસી વિપ્ર વિચાર કરે મનમાં ઘણારે લોલ,
મુક્તાનંદ મનોરથ થાય, મુનિ મળવા તણારે લોલ ॥૬॥

પદ ॥૯૨॥

વાધ્યો હૈડે હરખ અપાર, બોલ્યા નંદરામજીરે લોલ,
મારો જમણો ફરક્યો હાથ, શુકન સુખધામજીરે લોલ ॥૧॥
મનછારામ મગન કહે વાત, શુકન મને થાય છેરે લોલ,
મારાં જમણાં ફરકે અંગ, કે રુડું જણાય છેરે લોલ ॥૨॥
બોલ્યા અતિ હરખે ગોપાલ, કહું સર્વે કથીરે લોલ,
જે મેં દીઠું સ્વપને આજ, કે તે જુઠું નથીરે લોલ ॥૩॥
રહિ જૈયે પાછલી છો ઘડી રાત્ય, સ્વપન મને આવિયુંરે લોલ,
દિઠા સચ્ચિદાનંદ મુનિ સંત, કાજ અતિશે થયુંરે લોલ ॥૪॥
આવે છે શ્રીદ્વારામતીરાય, ને મુનિ ઉરમાં ધરીરે લોલ,
એવું સ્વપનું દિઠું આજ, કે લેજો દૃઢ કરીરે લોલ ॥૫॥
એમ સૌ કે'તાં પરસ્પર વાત, દિઠા મુનિ દૂરથીરે લોલ,
મુક્તાનંદ કે' મુનિ મન હરખ, કે આવ્યા હજુરથીરે લોલ ॥૬॥

૧ - રસોઈ

પદ ॥૯૩॥ (રાગ ગરબી)

('મારે મંદિર આવો માવજી હું વારી રે' એ ઢાળ છે)

મુનિવર મલપંતા આવિયા, આનંદ અતિ। કૌશલ દ્વિજને મન ભાવિયા; આનંદ અતિ ॥૧॥
મતવાલા ગજની પેર મુનિ; આ૦ । કરતા આવ્યા નારાયણ ધુની; આ૦ ॥૨॥
જય સ્વામી કહિ સનમુખ ગયા; આ૦ । દ્વિજ મુનિવર ચરણે લપટી રહ્યા; આ૦ ॥૩॥
જેમ ઇન્દ્રિય સુખિ મળિ પ્રાણને; આ૦ । તેમ દ્વિજ મળિ સંત સુજાણને; આ૦ ॥૪॥
મુનિને હસતા દ્વિજે ભેટિયા; આ૦ । સંતાપ સર્વ મુનિ મેટિયા[1]; આ૦ ॥૫॥
મુક્તાનંદ મુનિશું ભેટ્ય થઈ; આ૦ । કંકાશ કલ્પના દૂર ગઈ; આ૦ ॥૬॥

પદ ॥૯૪॥

ભુજ ભરિ ભેટ્યા મુનિરાયને, મન મોદ અતિ। પ્રેમે તન પુલકિત થાયને; મન૦ ॥૧॥
સૌ હસતા ઉતારે ગયા; મન૦ । કોશલવાસી દ્વિજે મગન થયા; મન૦ ॥૨॥
કહ્યું કુશલ પરસ્પર પ્રેમશું; મન૦ । મુનિવર વર્તે દૃઢ નેમશું; મન૦ ॥૩॥
મુનિને નવરાવ્યા પ્રીતશું; મન૦ । અન્ન આપ્યું ઉત્તમ રીતશું; મન૦ ॥૪॥
મુનિવરને પીરસિ વિપ્ર જમ્યા; મન૦ । એમ સહુંને સંતાપ શમ્યા; મન૦ ॥૫॥
દિન વીત્યો તીરથની વાતે; મન૦ । મુક્તાનંદ તૈયાર થયા પ્રીતે; મન૦ ॥૬॥

પદ ॥૯૫॥

શ્રીગોમતીથી સધાવિયા, કોશલ વાસી। મુનિ સચ્ચિદાનંદ સંગ આવિયા; કો૦ ॥૧॥
ફાગણ શુદી છઠ્યે ચોંપ કરી; કો૦ । ગઢડે આવ્યા આનંદ ભરી; કો૦ ॥૨॥
મારગમાં રાત્ય રહ્યા જ્યાં જ્યાં; કો૦ । સ્વપનામાં નિત્ય દેખે ત્યાં ત્યાં; કો૦ ॥૩॥
રણછોડ છોગાળો સંગ આવે; કો૦ । શ્રીસહિત જોઈ આનંદ પાવે; કો૦ ॥૪॥
સ્વપનાનું રૂપ સંભારતા; કો૦ । કરે એક બીજાને વારતા; કો૦ ॥૫॥
રણછોડ રંગિલો મુનિ સંગે; કો૦ । મુક્તાનંદ નિરખે નવ રંગે; કો૦ ॥૬॥

પદ ॥૯૬॥

તે દુરગનગરમાં આવિયા, મુનિવર જ્ઞાની। સ્વામી સભા મધ્યે બોલાવિયા; મુનિ૦ ॥૧॥
દ્વિજ સોતા દંડ પ્રણામ કર્યા; મુનિ૦ । ગદગદ સ્વર નયણે નીર જર્યા; મુનિ૦ ॥૨॥
સચ્ચિદાનંદ વાલા શ્યામને; મુનિ૦ । સ્વામી બોલાવ્યા નિષ્કામને; મુનિ૦ ॥૩॥
ગુરુ પુછી તે કહી વારતા; મુનિ૦ । સૌ તીરથને સંભારતા; મુનિ૦ ॥૪॥

---

૧ - દૂર થયા

જેમ પોતાને શિર કષ્ટ થયું; મુનિ૦ । હરિ દર્શન વોંણું સર્વ કહ્યું; મુનિ૦ ॥૫॥
જેમ એકાદશ લાંઘણ થઈ; મુનિ૦ । મુક્તાનંદ ગુરુને વાત કઈ; મુનિ૦ ॥૬॥

પદ ॥૯૭॥ (રાગ ગરબી)

('ઓરા આવોને વારી જાઉ વાલમરે, નંદના નંદનજી' એ ઢાળ છે)

બોલ્યા સચ્ચિદાનંદ મુનિ વાત રે; સાંભળો ચિત્ત ધરી ।
ત્યાંને લોકે કર્યો ઉતપાત રે; સાં૦ ॥૧॥
મને ગોમતી નાહ્યાની મના કીધિ રે; સાં૦ । મને છાપુ પણ નવ દીધિ રે; સાં૦ ॥૨॥
મને દર્શન કરવા ન દિધું રે; સાં૦ । મારું અતિ અપમાન પણ કીધું રે; સાં૦ ॥૩॥
મેં તો કીધા અગ્યાર ઉપવાસ રે; સાં૦ । તોય લોકે કરી ઉપહાસ રે; સાં૦ ॥૪॥
એને આપણ સંગાથે અતિવેર રે; સાં૦ । સૌના નેણુંમાં વરસે ઝેર રે; સાં૦ ॥૫॥
એવિ દ્વારકાંના લોકની રીત રે; સાં૦ । મુક્તાનંદ કહે ઘનસંગ પ્રીત રે; સાં૦ ॥૬॥

પદ ॥૯૮॥

સુણિ સચ્ચિદાનંદની વાત રે, દ્વારિકાં નાથ જાતાં । સૌ ડર્યા સુણિ સંતાપ રે; દ્વા૦ ॥૧॥
મુનિ પામ્યા છે મનમાં ખેદ રે; દ્વા૦ । સૌ મુનિવરને મળ્યો ભેદ રે; દ્વા૦ ॥૨॥
મુનિ માની છે જાતરા દૂર રે; દ્વા૦ । તેમાં ત્યાગીને કઠણ જરુર રે; દ્વા૦ ॥૩॥
એવું જાણિને ત્યાગી આશ રે; દ્વા૦ । થયા સંત સૌ મનમાં નિરાશ રે; દ્વા૦ ॥૪॥
એમ દિઠા દુખાતા સંત રે; દ્વા૦ । બોલ્યા સચ્ચિદાનંદ બુદ્ધિવંત રે; દ્વા૦ ॥૫॥
મારી વાર્તા સુણો સર્વકોય રે; દ્વા૦ । મુક્તાનન્દ મુનિ બોલિયા સોય રે; દ્વા૦ ॥૬॥

પદ ॥૯૯॥

મને મળ્યા છે દ્વારિકાં નાથ રે, અતિ આનંદ થયું। મારે માથે મુક્યા છે હરિ હાથ રે; અતિ૦ ॥૧॥
મને વર આપ્યો કરી પ્રીત રે; અતિ૦ । એમાં આપણિ થઈ ઘણી જીત રે; અતિ૦ ॥૨॥
મારે સંગ આવ્યા છે કરી વાલ રે; અતિ૦ । વાલો રે'શે સદા વરતાલ રે; અતિ૦ ॥૩॥
એવું સાંભળીને હરખ્યા અપાર રે; અતિ૦ । સૌ મુનિને નમ્યા બહુવાર રે; અતિ૦ ॥૪॥
કર્યા સચ્ચિદાનંદના વખાણ રે; અતિ૦ । કિધો સૌ મળી પ્રેમ પ્રમાણ રે; અતિ૦ ॥૫॥
બહુ શાંતિ પામ્યા સંત રે; અતિ૦ । આવ્યા મુક્તાનંદ ભગવંત રે; અતિ૦ ॥૬॥

પદ ॥૧૦૦॥

સ્વામી સદ્‌ગુરુ સાંભળી વાત રે, હૈડે હરખ ઘણો। એને મળ્યા મોહન સાક્ષાત રે; હૈડે૦ ॥૧॥
દેતા નિજજનને આનંદ રે; હૈડે૦ । બોલ્યા સ્વામી સહજાનંદ રે; હૈડે૦ ॥૨॥

સ્વામી મુનિને વખાણી કહી વાત રે; હેડે૦ । રુડા રણછોડરાયની ખ્યાત રે; હેડે૦ ॥૩॥
સ્વામી સહજાનંદ સુજાણ રે; હેડે૦ । કરે વારમવાર વખાણ રે; હેડે૦ ॥૪॥
મુનિ સચ્ચિદાનંદ તજી ગર્વ રે; હેડે૦ । ગુરુ પાસે તે વાત કરી સર્વ રે; હેડે૦ ॥૫॥
મુક્તાનંદ કહે મુનિ કહ્યું આપ રે; હેડે૦ । સૌ થયું તમારે પ્રતાપ રે; હેડે૦ ॥૬॥

પદ ॥૧૦૧॥ (રાગ ગરબી)

('તમે મીઠું બોલીને મન લીધુંરે મીઠડા બોલાજી' એ ઢાળ છે)

સ્વામી સહજાનંદ સુજાણ રે, કૃષ્ણ પ્રસાદથકી । કર્યું ઉત્સવનું પરિયાણ રે; કૃષ્ણ૦ ॥૧॥
આવ્યા દ્વારામતીનો રાય રે; કૃષ્ણ૦ । તેનો આનંદ ઉર ન સમાય રે; કૃષ્ણ૦ ॥૨॥
માસ ફાગણમાં ફુલડોલ નામ રે; કૃષ્ણ૦ । આવ્યો ઉત્સવ અતિ સુખધામ રે; કૃષ્ણ૦ ॥૩॥
તે ઉત્સવ ઠેરાવ્યો વરતાલ રે; કૃષ્ણ૦ । વધ્યો શ્રીરણછોડ સંગ વાલ રે; કૃષ્ણ૦ ॥૪॥
ગૃહી ત્યાગી વનિતાનાં વૃંદ રે; કૃષ્ણ૦ । તે સોત સ્વામી સહજાનંદ રે; કૃષ્ણ૦ ॥૫॥
જાવા ધારે છે વરતાલ ગામ રે; કૃષ્ણ૦ । વાલો મુક્તાનંદનો શ્યામ રે; કૃષ્ણ૦ ॥૬॥

પદ ॥૧૦૨॥

લખી પત્ર દીધા દ્વિજ હાથ રે, કૃષ્ણપ્રસાદ થયો । મુક્યા બ્રાહ્મણને મુનિનાથ રે; કૃષ્ણ૦ ॥૧॥
સર્વ દેશથકી નિજદાસ રે; કૃષ્ણ૦ । સ્વામી તેડ્યા છે પોતા પાસ રે; કૃષ્ણ૦ ॥૨॥
તે રાત્યે સુતા સૌ સંત રે; કૃષ્ણ૦ । દિઠા સ્વપનામાં શ્રી ભગવંત રે; કૃષ્ણ૦ ॥૩॥
શ્રીસોતા તે દ્વારકાંરાય રે; કૃષ્ણ૦ । લાગ્યા સ્વપ્નામાં સૌ મુનિ પાય રે; કૃષ્ણ૦ ॥૪॥
વાલે કીધિ તે સંતપર વાલ રે; કૃષ્ણ૦ । જાતા દિઠા તે ગામ વરતાલ રે; કૃષ્ણ૦ ॥૫॥
રિઝ્યા મુક્તાનંદનો શ્યામ રે કૃષ્ણ૦ । કિધું વરતાલ ગામ નિજ ધામ રે ; કૃષ્ણ૦ ॥૬॥

પદ ॥૧૦૩॥

ઉઠ્યા પ્રાતસમે મુનિવૃંદ રે, કૃષ્ણ કૃપા કીધિ । જૈ વંદ્યા શ્રીસહજાનંદ રે; કૃષ્ણ૦ ॥૧॥
કહિ ગુરુજીને સૌ મુનિ વાત રે; કૃષ્ણ । દીઠા સ્વપ્નમાં હરિ સાક્ષાત રે કૃષ્ણ૦ ॥૨॥
ત્યારે બોલ્યા શ્રીસ્વામી સુજાણ રે; કૃષ્ણ૦ । મુનિ વચન તમારાં પ્રમાણ રે; કૃષ્ણ૦ ॥૩॥
સૌને એક જેવું સ્વપન ન થાય રે; કૃષ્ણ૦ । એતો રિઝ્યા છે રણછોડરાય રે; કૃષ્ણ૦ ॥૪॥
થયો સ્વપનામાં પ્રભુનો પ્રવેશ રે; કૃષ્ણ૦ । તેમાં સંશય નહિ લવ લેશ રે; કૃષ્ણ૦ ॥૫॥
જાણ્યું મુક્તાનંદ ગુરુદેવ રે; કૃષ્ણ૦ । સ્વામી ત્યાર થયા તતખેવ રે; કૃષ્ણ૦ ॥૬॥

પદ ॥૧૦૪॥

લૈ શિષ્ય હજારો સંગ રે, સહજાનંદ સ્વામી । આવ્યો દાસને અધિક ઉમંગ રે; સહ૦ ॥૧॥

જોયું સપ્તમીનું મુહૂર્ત સાર રે; સહ૦ । થયા ગઢડેથી અસવાર રે; સહ૦ ॥૨॥
તેજી અરુણ ઉતાવળે વિરાજે રે; સહ૦ । અશ્વ હાંકતાં અધિક છબિ છાજે રે; સહ૦ ॥૩॥
મૃદુ કમળ સરિખો કર વામ રે;[1] સહ૦ । તેમાં ઝાલી છે અશ્વ લગામ રે; સહ૦ ॥૪॥
છડી જમણે કર ગ્રહી શ્યામ રે; સહ૦ । ધોળાં વસ્ત્ર ધર્યાં અભિરામ રે; સહ૦ ॥૫॥
સોમ આદિ ચોફેર અસવાર રે; સહ૦ । મુક્તાનંદ કહે અધિક ઉદાર રે; સહ૦ ॥૬॥

પદ ॥૧૦૫॥ (રાગ ગરબી)

('ઓરા આવો અમ પાસે શ્યામળિયાજી' એ ઢાળ છે)

સ્વામી સહજાનંદને, ઉર હરખ અતિ । વેગે કરી આવે છે વરતાલ; ઉર૦ ।
જોવા શ્રીજગવંદને; ઉર૦ । છોગાળા રણછોડ સંગાથે વાલરે; ઉર૦ ॥૧॥
ફાગણ શુદી એકાદશી; ઉર૦ । આવ્યા વાલો વરતાલ ગામ; ઉર૦ ।
જ્યાં રણછોડ રહ્યા વશી; ઉર૦ । કૃપા કરિને કીધું નિજધામ; ઉર૦ ॥૨॥
સ્વામી પણ સંધ્યા સમે; ઉર૦ । તેજ દિને આવ્યા પુરુષોત્તમ પાસ; ઉર૦ ।
નરનારી સૌને ગમે; ઉર૦ । દેશદેશથી દોડી આવ્યા દાસ; ઉર૦ ॥૩॥
શ્રીસોતા રણછોડજી; ઉર૦ । શોભે લક્ષ્મીનારાયણ રૂપ; ઉર૦ ।
જાણ્યા બંધન તોડજી; ઉર૦ । સૌને મનમાન્યા શ્રીકૃષ્ણ અનૂપ; ઉર૦ ॥૪॥
ત્યાં જે ગૃહસ્થ આવિયા; ઉર૦ । તેણે પણ દિઠું ત્યાગી પેર; ઉર૦ ।
સ્વપને દેખિ ભાવિયા; ઉર૦ । શ્રીરણછોડ પધાર્યા લીલાલેર; ઉર૦ ॥૫॥
જેણે સ્વપને ભાળિયા; ઉર૦ । તે બિજાને કહિ સમઝાવે વાત; ઉર૦ ।
એમ સંશય સૌ ટાળિયા; ઉર૦ । મુક્તાનંદનો નાથ પ્રગટ સાક્ષાત; ઉર૦ ॥૬॥

પદ ॥૧૦૬॥

લોક સૌ વિસ્મય થયાં, આનંદ અતિ । પ્રેમે પૂજ્યા રાજા રણછોડ; આ૦ ।
નજરે નિરખી પાપ ગયાં; આ૦ । રુક્મિણી કૃષ્ણની જોડ; આ૦ ॥૧॥
સ્વામી સહજાનન્દજી; આ૦ । શિષ્ય સહિત બાંધ્યો ફુલનો ડોલ[2]; આ૦ ।
પ્રભુ પૂજ્યા જગવંદજી; આ૦ । હરિ હરિજનને કિધા રંગ ચોળ; આ૦ ॥૨॥
અબીર ગુલાલ ઉડાડિયા; આ૦ । કૃષ્ણ રુક્મિણી કેરાં ગાયાં ગીત; આ૦ ।
રસિયો રંગ રમાડિયા; આ૦ । શ્રી રણછોડ રંગિલો પરમ પૂનીત; આ૦ ॥૩॥

૧ - ડાબો ૨. - હિંડોળો

શ્રીદ્વારામતી રાયનો; આ૦ । ઉત્સવ કિધો ઉમંગે ગુરુદેવ; આ૦ ।
હરિભજન ઉપાયનો; આ૦ । રાહ બતાવ્યો તરવાને તતખેવ; આ૦ ॥૪॥
જ્યારે પ્રભુ ત્યાં આવિયા; આ૦ । ત્યારે આવ્યો સંગ સકલ પરિવાર; આ૦ ।
દ્વારકાં પુરરૂપે થયાં; આ૦ । સરરૂપે થયાં ગોમતી સાર; આ૦ ॥૫॥
જ્યાં ત્યાંથી તીરથ ઘણાં; આ૦ । આવ્યાં સર્વે પ્રભુજીને પાસ; આ૦ ।
મુક્તાનંદના નાથતણાં; આ૦ । ચરણકમળની સૌ તીરથને આસ; આ૦ ॥૬॥

પદ ॥૧૦૭॥

આનંદે ઉત્સવ કરી, અતિ સુખકારી । તે રજનીમાં પોઢ્યા સદ્‌ગુરુ શ્યામ; અતિ૦ ।
સ્વપને દિઠા શ્રીહરિ; અતિ૦ । શ્રીદ્વારામતી નાથ કહ્યું સુખધામ; અતિ૦ ॥૧॥
આ સ્થાનક હું આવિયો; અતિ૦ । માટે મારા આયુધની ઘો છાપ; અતિ૦ ।
એ મત મુજને ભાવિયો; અતિ૦ । છાપ દઈ તમે ટાળો સૌનાં પાપ; અતિ૦ ॥૨॥
એ રીતે હરિ હુકમ કર્યો; અતિ૦ । સ્વામી સહજાનંદ સુજાણ; અતિ૦ ।
હુકમ લઈ શિર પર ધર્યો; અતિ૦ । કર જોડીને કિધાં વચન પ્રમાણ; અતિ૦ ॥૩॥
સદ્‌ગુરુ સ્વામી ઉઠિયા; અતિ૦ । પ્રાતસમે સૌ આગળ કીધિ વાત; અતિ૦ ।
નિજજન ઉપર ત્રુઠિયા;[1] અતિ૦ । છાપ અપાવી તૃપ્ત કરી સાક્ષાત; અતિ૦ ॥૪॥
ત્યાગી જોઈ તે મૂરતિ; અતિ૦ । દિઠા સર્વે દ્વારામતી રાય; અતિ૦ ।
નિમેષ ન મેલે ઉરથી; અતિ૦ । લળિ લળિ લાગે પાય; અતિ૦ ॥૫॥
પ્રેમ ઘણે પૂજા કરી; અતિ૦ । મુનિવરનાં મન પામ્યાં પૂરણ શાન્ત; અતિ૦ ।
મુક્તાનંદ મળિયા હરિ; અતિ૦ । છોગાળો નિરખતાં ભાગી ભ્રાન્ત; અતિ૦ ॥૬॥

પદ ॥૧૦૮॥

મુનિવર મનમાં મગન થયા, શ્રીહરિ મળતાં । દ્વારામતિ જાવાનું સિધુ કામ; શ્રી૦ ।
અંતરથી સંશય ગયા; શ્રી૦ । પ્રેમી જનને તેજ જણાણું ધામ; શ્રી૦ ॥૧॥
સરરુપે શ્રીગોમતી; શ્રી૦ । તેમાં નાહી લિયે સૌ સુંદર છાપ; શ્રી૦ ।
હરિજનને મન હરખ અતિ; શ્રી૦ । તીરથ કરી સૌ અધિક થયાં નિષ્પાપ; શ્રી૦ ॥૨॥
સમ્પૂરણ દ્વારામતી; શ્રી૦ । માની લીધિ સૌ સત્સંગી સંત; શ્રી૦ ।
ગુરુ કરુણા ઉર હરખ અતિ; શ્રી૦ । સંશય શોક કુમતનો આવ્યો અન્ત; શ્રી૦ ॥૩॥

---

૧ - પ્રસન્ન થયા

એમ અતિ આનંદ થયો; શ્રી૦ । શિષ્ય સહિત સ્વામી વશિયા એક માસ; શ્રી૦ ।
નિત્ય દર્શન સંતાપ ગયો; શ્રી૦ । ભજન ભક્તિનો સૌને અધિક પ્રકાશ; શ્રી૦ ॥૪॥
નિત્ય નિત્ય સુંદર શ્યામશું; શ્રી૦ । વધવા લાગ્યો પૂરણ પ્રેમ; શ્રી૦ ।
મનમાન્યું સુખ ધામશું; શ્રી૦ । ધાર્યું પૂરણ પતિવ્રતાનું નિયમ; શ્રી૦ ॥૫॥
સત્યયુગ સૌમાં આવિયો; શ્રી૦ । સ્વામી સહજાનંદતણે પ્રતાપ; શ્રી૦ ।
કલિયુગ દૂર નસાવિયો; શ્રી૦ । મુક્તાનંદ કે' નાઠા સૌ સંતાપ; શ્રી૦ ॥૬॥

પદ ॥૧૦૯॥ (રાગ ગરબી)

('મને રસિયા સંગાથે રંગ લાગ્યોરે' એ ઢાળ છે)

વશ્યા રણછોડરાય વરતાલ્યે રે, આવે જાતરાયે લોક અતિ વાલ્યે રે ॥૧॥
સૌ સંત સહિત જગસ્વામી રે, કરે હરિ દર્શન નિષ્કામી રે ॥૨॥
આવિ ચૈત્ર શુદી ત્રીજ સારી રે, એનો ઉત્સવ કરાવ્યો સ્વામી ભારી રે ॥૩॥
એનું મત્સ્યજયંતી શુભ નામ રે, પૂજ્યા વાસુદેવ પ્રભુ સુખધામ રે ॥૪॥
આવ્યો રામનવમી ઉત્સવ જેહ રે, અતિ આદરે કરાવ્યો સ્વામી તેહ રે ॥૫॥
પછી વિમલા એકાદશી આવી રે, સૌ સંતોને મન ભાવી રે ॥૬॥
વાસુદેવજીનો ઉત્સવ ભારી રે, અતિ આદરે કરાવ્યો સુખકારી રે ॥૭॥
કહે મુક્તાનંદ ગુરુરાય રે, એમ ઉત્સવ કરાવી રાજી થાય રે ॥૮॥

પદ ॥૧૧૦॥

પછી સદ્‌ગુરુ સહજાનંદ રે, સૌને સિખ આપી જગવંદ રે ॥૧॥
જાઓ પોત પોતાને સૌ ઠામ રે, ભજો રણછોડરાય સુખધામ રે ॥૨॥
એમ સિખ દૈ સૌને દયાળ રે, પોતે પારણાં કર્યાં તતકાળ રે ॥૩॥
કરી રણછોડરાયને પ્રણામ રે, સ્વામી સંગ લૈ સંત નિષ્કામ રે ॥૪॥
ચાલ્યા દ્વાદશીને દિન સુખકારી રે, આવ્યા દુર્ગનગર ભયહારી રે ॥૫॥
દેશદેશથી આવ્યાતા હરિજન રે, લીધિ છાપને પુનિત કર્યાં તન રે ॥૬॥
ગયા હરિજન નિજ નિજ ગામ રે, લેતા રણછોડરાયનું નામ રે ॥૭॥
કહે મુક્તાનંદ મુનિકાજ રે, રહ્યા વરતાલ શ્રીમહારાજ રે ॥૮॥

પદ ॥૧૧૧॥

એમ શ્રીદ્વારામતી રાય રે, સદા ભક્ત આધિન કે'વાય રે ॥૧॥
સ્વામિનારાયણના સંત અતિ ત્યાગી રે, સુધા હરિચરણે અનુરાગી રે ॥૨॥
તેને દર્શન દેવા કાજ રે, વશ્યો વરતાલ સર્વ સમાજ રે ॥૩॥
ફાગણ શુદી એકાદશીને દિન રે, આવ્યા વરતાલ જગજીવન રે ॥૪॥
જ્યારે વશ્યા વરતાલ જદુરાય રે, વધ્યો દ્વારકાં સમાન મહિમાય રે ॥૫॥
આવે જાતરાયે લોક અપાર રે, વધ્યો અધિક પ્રતાપ ઉદાર રે ॥૬॥
થયું દ્વારિકાં સમાન તે ગામ રે, જેમાં રહ્યા રણછોડ સુખધામ રે ॥૭॥
કહે મુક્તાનંદ મુરારી રે, સદા સંતને આધિન સુખકારી રે ॥૮॥

પદ ॥૧૧૨॥

કીધો કૃષ્ણપ્રસાદ ગ્રંથ સાર રે, એ છે હરિજનનો શણગાર રે ॥૧॥
નહિ સાંભળીને સિખિ આ વાત રે, જેમ દિઠું તેમ કહ્યું સાક્ષાત રે ॥૨॥
આ ગ્રંથને કર્યાથી સુખકંદ રે, મને રીઝો સ્વામી સહજાનંદ રે ॥૩॥
વળી રીઝજો વિશેષે કરી સંત રે, રીઝો દ્વારકાંના નાથ ભગવંત રે ॥૪॥
જદુનાથનો આ ગ્રંથ ઉદાર રે, પ્રેમે ભણશે તે પામશે પાર રે ॥૫॥
સિખે સાંભળે ને પ્રેમે કરી ગાય રે, તેને રીઝશે અખંડ જદુરાય રે ॥૬॥
થાશે લોકમાં સુખી ને જશ માન રે, અંત્યે ભેટશે તે શ્રીભગવાન રે ॥૭॥
કહે મુક્તાનંદ પ્રભુ પાસ રે, સુણી રીઝે તેનો વૈકુંઠવાસ રે ॥૮॥

ઇતિ શ્રીમત્સકલધર્મમર્યાદાપાલનધુરંધરશ્રીમદુદ્ધવસંપ્રદાયપ્રવર્તકાચાર્ય
શ્રીસહજાનંદસ્વામિશિષ્ય-મુક્તાનંદમુનિવિરચિતે શ્રીકૃષ્ણપ્રસાદે ભગવતો
વૃત્તાલયાગમનોત્સવનિરુપણનામા ગ્રન્થઃ સમ્પૂર્ણઃ ॥

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

શ્રીનારાયણચરિત્રમ્

પદ ॥૧॥ (પદ રાગ મંગલ)

વંદું પ્રગટ શ્રીસહજાનંદ, સો વર્ણિરૂપ હે ।
જાકો મહિમા અગમ અગાધ, સો પરમ અનૂપ હે ॥૧॥
સોતો પ્રકૃતિ પુરુષ પર, ધામમહીં નિત્ય રાજહિ ।
એસે અતિ તેજોમય દેવ, અધિક છબી છાજહિ ॥૨॥
તહાં વૈષ્ણવ વૃંદ અપાર, ચરન સેવા કરે ।
સદા ગુણ અભિમાની દેવ, હુકમ ત્યુંહિ અનુસરે ॥૩॥
સો તો જ્યું ભએ વર્ણિરૂપ, ભૂમિપર આયકે ।
વાકિ કહું સંક્ષેપસેં, બાત અધિક મુદ પાયકે ॥૪॥
ભયો દુર્વાસાકો શાપ, ભક્તિ અરું ધર્મકું ।
ધરે દ્વિજકુલ માનુષ દેહ, જાનિ શુભ મર્મકું ॥૫॥
તાકે પુત્ર ભએ શ્રીકૃષ્ણ, દયાનિધિ દેવ જુ ।
જાકે દરશ સ્પરશ જનવૃંદ, તરે તતખેવ જુ ॥૬॥
જાકો નિગમ ન પામે પાર, નેતિ કહિ ગાવહિં ।
એસે હરિ દેવનકે દેવ, અખંડ કહાવહિં ॥૭॥
નિકે જન્મ કર્મ ગુન તાસ, કહું અતિપ્રેમસેં ।
કહે મુક્તાનંદ તેહિ સંત, સુનત નિત્ય નેમસેં ॥૮॥

પદ ॥૨॥

નિકો[1] સુભગ દેશ સરવાર, પુનિત જેહિ નામ જુ ।
સોતો ઉત્તર કોસલ મધ્ય, અવધપુર ધામ જુ ॥૧॥
આછો અવધસેં ઉત્તર, આઠ કોશ એક ગ્રામ હે ।

૧ - સરસ

તાકો છપિયા નામ તેહિ, મધ્ય ધર્મકો ધામ હે ॥૨॥
જાકિ સરવરિયા દ્વિજ, જ્ઞાતિ સાવર્ણિ ગોત્ર હે ।
જાકે કુલમેં પઢત બહુ, વેદ રું અગ્નિહોત્ર હે ॥૩॥
જાકે પ્રવર હે તિન પુનિત, વેદ જેહિ સામ હે ।
વાકિ કૌથુમી શાખા પુનિત, અધિક અભિરામ હે ॥૪॥
પાંડે હરિપ્રસાદ જેહિ નામ, સો ધર્મકો રૂપ હે ।
સતી પ્રેમવતી તેહિ નારી, સો ભક્તિ અનુપ હે ॥૫॥
મધુ[1] માસમેં નૌમી શુક્લકી, દશ ઘટિ નિશિ ભઈ ।
તબ પ્રગટ ભએ શ્રીકૃષ્ણ, સબહિ ચિંતા ગઈ ॥૬॥
ભયો ત્રિભુવન જય જય કાર, કુસુમ સુર વર્ષહિ ।
કરે નૃત્ય અપસરા અનેક, અધિક મન હર્ષહિ ॥૭॥
આયે માર્કંડ મુનિ, ધર્યો હે નીલકંઠ નામ જુ ।
કહે મુક્તાનંદ હરિકૃષ્ણ, સોઈ સુખધામ જુ ॥૮॥

પદ ॥૩॥

ભએ વિપ્ર રૂપ ઘનશ્યામ, જગદ્‌ગુરુ આપ જુ ।
ભયો સંતકું સુખ સબ, દુષ્ટ પાએ સંતાપ જુ ॥૧॥
પ્રભુ બાલચંદ્ર જિમિ બઢત, શિશુ ખેલ જુ ।
ફિરે સબ હરિમંદિરમાંહિ, સો આપ અકેલ જુ ॥૨॥
રહે અવધમેં તબ નિત્ય, પુરિકું પ્રકમા દેવહિ ।
નિત્ય સબ તીરથમહિ જાત, કથારસ સેવહિ ॥૩॥
ભએ આઠ વર્ષકે લાલ, દિયો ઉપવીત જુ ।
જાકિ પ્રાકૃત બાલસેં સબહિ, અલૌકિક રીત જુ ॥૪॥
ભએ તિરોભાવ પિતુ, માત પાએ વૈરાગ્ય જુ ।
કિયો બાલરૂપ તતકાલ, તાત ગૃહ ત્યાગ જુ ॥૫॥
રોવે પુરજન મિત્રકે વૃન્દ, ભ્રાત સબ રોવહિં ।
ખોજે અવધમેં તિરથ સબહિ, જહાં તહાં જોવહિં ॥૬॥
ચલે વર્ણિવેશ ઘનશ્યામ, ઉદાસી હોય કે ।
વાકું વન મૃગ ખગવૃંદ, ચકિત ભએ જોયકે ॥૭॥

૧ - ચૈત્ર

INDEX

યું વનમેં ગએ શ્રીકૃષ્ણ, તાતગૃહ ત્યાગિકે ।
કહે મુક્તાનંદ હઠ જોગ, કરત અનુરાગિકે ॥૮॥

પદ ॥૪॥

ગએ ઉત્તર દિશમહિ, હિમગિરિકી તરાઈમેં ।
ફિરે વિકટ ગહન વન મધ્ય, ત્યાગ મસ્તાઈમેં ॥૧॥
ઠાડે એક પાઉં તપ કરત, ઉર્ધ્વ ભુજ હોય જુ ।
કરે કંદ મૂલ ફલ આહાર, તપસ્વી સોય જુ ॥૨॥
